RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 255 Dt. 6-1-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આપના મોબાઈલમાં રાજકોટ મિરર મેળવવા ઈચ્છો છો?
QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં

## દિલ્હી સરકાર આફત સમાન, ભાજપ જ કરી શકે દિલ્હીનો વિકાસ : વડાપ્રધાન

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના રોહિણી સ્થિત જાપાનીઝ પાર્કમાં રેલીને સંબોધી હતી

નવી દિલ્હી, તા.૫

દિલ્હી વિધાનસભા ચૂંટણીની જાહેરાત પહેલા વડાપ્રધાન મોદી રવિવારે રાજધાનીમાં ૧૨,૨૦૦ કરોડ રૂપિયાથી વધુની યોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો છે. છેલ્લા ૩ દિવસમાં દિલ્હીમાં મોદીનો આ ત્રીજો કાર્યક્રમ છે.આજે તેમણે સૌપ્રથમ દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ 'નમો ભારત' કોરિડોરના સાહિબાબાદથી ન્યૂ અશોક નગર સુધીના સેક્શનનું ઉદઘાટન કર્યું. આ ૧૩ કિલોમીટર લાંબો માર્ગ ૪૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે. આ દિલ્હીની પહેલી 'નમો ભારત' કનેક્ટિવિટી છે, જે મેરઠને જોડશે.

રેપિડ ટ્રેનમાં મુસાફરી કરતા પહેલા વડાપ્રધાન મોદીએ પોતે ટિકિટ કાઉન્ટર પરથી ટિકિટ લીધી હતી. તેમણે પોતાના મોબાઈલના ચદ્ઘ કોડ દ્વારા પેમેન્ટ કર્યું હતું. આ પછી તેઓ ટ્રેનમાં સ્કૂલના બાળકોને મળ્યા હતા. બાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના રોહિણી સ્થિત જાપાનીઝ પાર્કમાં રેલીને સંબોધી હતી. આપ સરકાર પર વડાપ્રધાનેએ કહ્યું- માત્ર ભાજપ જ દિલ્હીનો વિકાસ કરી શકે છે. છેલ્લા ૧૦ વર્ષમાં દિલ્હીએ જે પ્રકારની રાજ્ય સરકાર જોઈ છે. જે કોઈ આફતથી ઓછી નથી. આજે દિલ્હીના લોકોને આ વાત સારી રીતે સમજાઈ ગઈ છે. હવે દિલ્હીમાં માત્ર એક જ અવાજ ગુંજાઈ રહ્યો છે. આફત સહન નહીં થાય, બદલીને જ રહીશું. હવે દિલ્હી વિકાસનો પ્રવાહ ઈચ્છે છે. મને ખુશી છે કે દિલ્હીને ભાજપમાં વિશ્વાસ છે. ત્રીજી મોટી અર્થવ્યવસ્થા પર પીએમએ કહ્યું- દિલ વાળાની દિલ્હીના લોકોનો આ ઉત્સાહ, આ હિંમત ખરેખર અદ્ભુત છે. આપ સૌને અભિનંદન. અમે ૨૦૨૫માં છીએ. આવનારા ૨૫ વર્ષ દિલ્હીના ભવિષ્ય માટે, ભારતના ભવિષ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ ૨૫ વર્ષોમાં ભારત એક વિકસિત રાષ્ટ્ર બનશે. વિકસિત ભારતની આ યાત્રાને આપણે આપણી આંખે જોઈ શકીશું. અમે તેના ભાગીદાર બનીશું. આનાથી ભારત આધુનિકતાના નવા તબક્કામાંથી પસાર થતું જોવા મળશે. વિકસિત ભારતની આ યાત્રામાં એક મોટો પડાવ ટૂંક સમયમાં આવવાનો છે. જ્યારે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ બનશે. ડબલ એન્જિન સરકાર પર, કેન્દ્રની ભાજપ સરકારે દિલ્હીની સુરક્ષા, આરોગ્ય અને વિકાસ કાર્યો માટે ૭૫ હજાર કરોડ રૂપિયાથી વધુ આપ્યા છે. અમે દિલ્હીને વિશ્વની એવી રાજધાની બનાવવા માંગીએ છીએ, જેમાં ભારતની ધરોહરની ભવ્યતા જોવા મળે. દિલ્હીને એવા વિકાસની જરૂર છે, જે વિશ્વ માટે શહેરી વિકાસનું મોડેલ બને. આ ત્યારે જ થઈ શકે જ્યારે દિલ્હીમાં કેન્દ્ર અને રાજ્ય બંનેમાં ભાજપની સરકાર કામ કરે. દિલ્હીના ભવિષ્યને લઈને ભાજપે દિલ્હીમાં પોતાના શ્રેષ્ઠ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. હું તમામ ઉમેદવારોને કહીશ કે દિલ્હીનું દિલ જીતવાની આ સુવર્ણ તક છે. અમારી સાથે જોડાઓ અને સખત મહેનત કરો અને દિલ્હીને આફતમાંથી મુક્ત કરો. આપણી દિલ્હીને વિશ્વના અનેક શહેરોમાંથી એક બનાવવાનો અમારો સંકલ્પ છે.




## ISROએ અંતરિક્ષમાં ઉગાડ્યા બીજ પહેલા જ પ્રયત્ને જ મળી સફળતા

નવી દિલ્હી, તા. ૫

ઈંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન-ઇસરોએ તેના નામ પર વધુ એક ઉપલબ્ધિ હાંસલ કરી છે. ઇસરોને અંતરીક્ષમાં બીજ ઉગાડવાના પ્રયોગમાં મોટી સફળતા મળી છે. ઇસરોએ જણાવ્યું છે કે ચાર દિવસમાં અવકાશયાન PSLV-C60ના POEM-4 પ્લેટફોર્મ પર બીજ અંકુરિત થયા છે. ટૂંક સમયમાં પાંદડા નીકળવાની પણ અપેક્ષા છે.

ઈસરોના જણાવ્યા અનુસાર આ પરીક્ષણ માટે કોમ્પેક્ટ રિસર્ચ મોડ્યુલ ફોર ઓર્બિટલ પ્લાન્ટ સ્ટડીઝ (CROPS) હેઠળ કુલ આઠ બીજ અવકાશમાં મોકલવામાં આવ્યા હતા. આ પરીક્ષણ વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરે કર્યું છે. ઉલેખનીય છે કે PSLV-C60 મિશનએ ૩૦ ડિસેમ્બરે બે



સ્પેસએક્સ ઉપગ્રહોને અવકાશમાં મૂક્યા હતા.

ઇસરો સ્પેસ ડોકીંગ એક્સપેરિમેન્ટ પર ચેઝર સેટેલાઇટનો સેલ્ફી વિડીયો ટ્વીટર પર શેર કર્યો છે. વૈજ્ઞાનિકોએ અવકાશમાં બીજને અંકુરિત કરવા માટેની સંપૂર્ણ વ્યવસ્થા કરી હતી. આ માટે કેમેરા ઈમેજિંગ, ઓક્સિજન, કાર્બન ડાયોક્સાઇડ, તાપમાન અને જમીનમાં ભેજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. બધું સંતુલિત રાખવામાં આવ્યું હતું. વૈજ્ઞાનિકો ટેસ્ટ સંબંધિત ડેટાનું વિશ્લેષણ કરી રહ્યા છે. ઈસરોએ કહ્યું, અવકાશમાં બીજ અંકુરિત કરવાનો હેતુ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં છોડના વિકાસની પદ્ધતિઓ વિશે માહિતી મેળવવાનો છે. તેના પરિણામોનું લાંબા ગાળામાં વિશ્લેષણ કરવામાં આવશે અને આગળની વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે.

## પોરબંદરમાં કોસ્ટગાર્ડનું હેલીકોપ્ટર ક્રેશ: બે પાઈલટ સહીત ત્રણ શહીદ

### શહીદ જવાનોના મૃતદેહ સ્થાનિક ભાવસિંહજી સરકારી હોસ્પિટલમાં ખસેડાયા : લેન્ડીંગ સમયે ઘટના



રાજકોટ મિરર, તા.૫

પોરબંદરમાં કોસ્ટગાર્ડના એર એન્કલી પર આજે લેન્ડીંગ સમયે ક્રેશ થયેલા હેલીકોપ્ટરમાં બે પાઈલટ સહીત કોસ્ટગાર્ડના ત્રણ જવાનો શહીદ થયા હતા. તેમના મૃતદેહને પીએમ માટે પોરબંદરની ભાવસિંહજી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. દુર્ઘટનાથી કોસ્ટગાર્ડ પરિવારજનોમાં શોક વ્યાપ્યો હતો.

પોરબંદર ખાતે કોસ્ટગાર્ડનું હેડકવાર્ટર છે. તેમજ અહીં એરપોર્ટ નજીક કોસ્ટગાર્ડનું એર એન્કલીવ આવેલું છે. આજે બપોરના ૧૨ વાગ્યા આસપાસ કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર લેન્ડ થઈ રહ્યું હતું તે દરમિયાન તે એકાએક થતાં મોટો ધડાકો થયા બાદ આગ ભભૂકતા પાયલોટ સહિતના ત્રણ જવાનો સુધીરકુમાર યાદવ, મનોજકુમાર અને સૌરભ નામના ત્રણ જવાનો શહિદ થયા હતા.

કોસ્ટગાર્ડના ડીઆઈજી અને જિલ્લા પોલીસવડા ઘટનાસ્થળે પહોંચ્યા હેલિકોપ્ટર ક્રેશ થતાં એર એન્કલી ખાતે રહેલા ફાયર બ્રિગેડ તાત્કાલીક દોડી ગયું હતું અને પાણીનો મારો ચલવી આગને કાબૂમાં કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

તો પોરબંદર ફાયરબ્રિગેડની પણ મદદ લેવામાં આવી હતી. તેમના મૃતદેહને બહાર કાઢી અને પીએમ માટે પોરબંદરની ભાવસિંહજી સરકારી હોસ્પિટલ ખાતે લાવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે કોસ્ટગાર્ડના ડીઆઇજી પંકજ અગ્રવાલ તેમજ જિલ્લા પોલીસવડા ભગીરથસિંહ જાડેજા સહિતના પોલીસ અધિકારીઓ પણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આ બનવાને લઇ સુરક્ષા એજન્સીમાં ભારે ગમગીની જોવા મળી હતી. બનાવને અનુસંધાને સુરક્ષા એજન્સીની કમિટી તપાસ આર્થે પોરબંદર આવીને ઊંડી તપાસ કરે તેવી શક્યતા છે.

રૂટીન કામગીરી દરમિયાન ઘટના બની પોરબંદર કોસ્ટગાર્ડના હેલિકોપ્ટર ક્રેશ થવાની ઘટનામાં પ્રાથમિક વિગત આપતા જિલ્લા પોલીસવડા ભગીરથસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે કોસ્ટગાર્ડની રૂટીન કામગીરીના ભાગરૂપે હેલિકોપ્ટરે ઉડાન ભરી અને પરત ફરી રહ્યું હતું તે દરમ્યાન બપોરના ૧૨:૧૦ મિનિટે ક્રેશ થવાની ઘટના બની હતી. આ બનાવને લઇ વધુ તપાસ ચાલી રહી છે.વિગતો મળી હતી કે, પોરબંદરમાં ૪ મહિનામાં બીજી વખત હેલિકોપ્ટર ક્રેશનો બનાવ બન્યો છે. છે. આજથી ૪ મહિના પહેલા એટલે કે ૨-૯-૨૦૨૪ ના રોજ દરિયામાં બોટના ખલાસીના રેસ્કયૂ સમયે ભારતીય કોસ્ટ ગાર્ડનું એડવાન્સ લાઇટ હેલિકોપ્ટર (ધ્રુવ) ક્રેશ થવાની ઘટના બની હતી. જેમાં પણ ૩ જવાનો શહિદ થયા હતા. આજની ઘટનામાં હેલિકોપ્ટર ક્રેશ ઘટનામાં ત્રણ જવાનો શહિદ થયા છે. છેલ્લા ચાર માસમાં હેલિકોપ્ટર ક્રેશ થવાની બે ઘટનામાં છ જવાનો શહીદ થયા છે.

### ધ્રુવ હેલીકોપ્ટરને નડી

#### ત્રણ દુર્ઘટના

અરબ સાગરમાં ઈમર્જન્સી લેન્ડિંગ થયું હતું. મુંબઈથી ઉડાન ભરનાર ભારતીય નૌકાદળના એએલએચ ધ્રુવનું અરબ સાગરમાં ઈમર્જન્સી લેન્ડિંગ થયું હતું. આ ઘટના ૮ માર્ચની સવારે ત્યારે બની, જ્યારે નેવી આ હેલિકોપ્ટર દ્વારા પેટ્રોલિંગ માટે રવાના થઈ હતી.

પાવર અને હાઇટના અભાવે પાઇલટે હેલિકોપ્ટરને પાણીમાં(ડિચિંગ) ઉતરાણ કર્યું હતું.

આ ઘટનાની જાણકારી ઇન્ડિયન નેવીએ પોતાના ટ્વિટર હેન્ડલ દ્વારા આપી હતી, જેમાં લખ્યું હતું કે મુંબઈથી નિયમિત ફ્લાઈટમાં ટેકઓફ કરનાર અક્ઇંને ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું. સેનાએ તરત જ અન્ય એરક્રાફ્ટ મોકલીને ત્રણ ક્રૂ-મેમ્બરને બચાવ્યા હતા.

#### બીજી દુર્ઘટના

૨૬ માર્ચે કેરળમાં ધ્રુવ હેલિકોપ્ટરનું ઈમર્જન્સી લેન્ડિંગ ભારતીય કોસ્ટ ગાર્ડના એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર ધ્રુવ માર્ક હેલિકોપ્ટરની ટેસ્ટ ફ્લાઈટનું કેરળના કોચિન ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક ઈમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જોકે દુર્ઘટના ટલી હોય તેમ માત્ર એકને ફ્રેકચર જેવી ઈજા થઇ હતી.

#### ત્રીજી દુર્ઘટના

કિશ્તવાડમાં ૪ મેના રોજ થયેલા અકસ્માતમાં ૧ જવાનનું મોત, બે ઘાયલ ૪ મેના રોજ જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડમાં ALH ધ્રુવ હેલિકોપ્ટર દુર્ઘટનામાં બે પાઇલટ ઘાયલ થયા હતા, પરંતુ કારીગર પબલ્લા અનિલનું મોત થયું હતું.

વિદેશી સેનાઓ પણ ધ્રુવ હેલિકોપ્ટર ઉડાવે છે નેપાળ, મોરિશિયસ અને માલદિવ્સના સુરક્ષા દળો પણ ધ્રુવ હેલિકોપ્ટરનો ઉપયોગ કરે છે. અગાઉ એક્વાડોરે પણ ભારત પાસેથી સાત ધ્રુવ હેલિકોપ્ટર ખરીદ્યાં હતાં, પરંતુ તેમાંથી ચારના અકસ્માતને કારણે તેણે HAL સાથેનો કરાર રદ કર્યો હતો.

## દર પાંચ વર્ષે PM જુઠ્ઠાણું ફેલાવવા દિલ્હી આવે છેઃ કેજરીવાલ

નવી દિલ્હી, તા. ૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના અશોક વિહારમાં રેલીને સંબોધન કરીને આમ આદમી પાર્ટી પર પ્રહાર કર્યા હતા.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે પીએમ મોદીના ભાષણ પર વળતો પ્રહાર કર્યો હતો. કેજરીવાલે કહ્યું હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીના લોકોને ગાળ આપી છે.

જો તેઓ અને તેમની પાર્ટીના ટોચના નેતાઓ અહીં થતા અત્યાચારને દિલ પર લીધા હોત તો આજે ત્રણ ત્રણ ઉદઘાટન કરવાની જરૂર પડી ના હોત. તેઓએ ઉમેર્યું કે વડાપ્રધાન દર પાંચ વર્ષે જુઠ્ઠાણું ફેલાવવા દિલ્હી આવે છે.

પીએમ મોદીના આરોપોનો જવાબ આપતાં અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે આજે પીએમ મોદીએ ૩૯ મિનિટનું ભાષણ આપ્યું, જેમાંથી ૨૯ મિનિટ દિલ્હીના લોકોને ગાળો આપી હતી. અમારી પાર્ટીના ટોચના નેતાઓને જેલમાં નાંખ્યા, અમારી પાર્ટી પર અત્યાચાર કરવામાં આવ્યો. આ ઉપરાંત તેમણે કહ્યું, અનેક લોકોના પાણીના બિલ ખોટા આવ્યા છે.

તેમણે ભરવાની જરૂર નથી. ચૂંટણી બાદ તમામ ખોટા બિલ માફ કરી દેવામાં આવશે, આશરે ૧૨ લાખ લોકોના પાણી બિલ શૂન્ય આવે છે, પરંતુ હું જ્યારે જેલમાં ગયો ત્યારે ખબર પડી કે આ લોકોએ પાછળથી શું કર્યું હતું. લોકોને લાખો અને હજારો રૂપિયાના પાણી બિલ આવ્યા હતા. લોકો પાણીને લઈ ત્રસ્ત છે. દિલ્હીના લોકો કોના કારણે પરેશાન છે જાણીએ છીએ.

અરવિંદ કેજરીવાલે કહ્યું, મેં તમામ મંચ પરથી જાહેરાત કરી છે પરંતુ આજે ઔપચારિક રીતે જાહેર કરું છું કે, જો આમ આદમી પાર્ટીની સરકાર આવશે તો અમે તેમના બિલ માફ કરીશું.આ ઉપરાંત કેજરીવાલે કહ્યું, દિલ્હીના લોકો ભાજપ અને કેન્દ્ર સરકારથી નારાજ છે. પીએમ દિલ્હીવાસીઓને ગાળો આપી રહ્યા છે, દિલ્હીના લોકોનું અપમાન કરી રહ્યા છે.

વિધાનસભા ચૂંટણીમાં દિલ્હીના લોકો ભાજપના અપમાનનો જવાબ આપશ. લોકોની ફરિયાદ છે કે પીએમ દર પાંચ વર્ષે જૂઠું બોલવા આવે છે, ખોટા વાયદા કરે છે પરંતુ પૂરા કરતાં નથી.



### દિલ્હીમાં ગત બે વિધાનસભા ચૂંટણીમાં શું થયું?

૨૦૧૫ અને ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણી પર નજર કરીએ તો આમ આદમી પાર્ટીએ લગભગ સૂપડાં સાફ કર્યા હતા.

૨૦૧૫માં આમ આદમી પાર્ટીને ૭૦માંથી ૬૭ અને ભાજપને ૩ બેઠક મળી હતી.

૨૦૨૦માં આમ આદમી પાર્ટીએ ફરી એક તરફી જીત મેળવી હતી. ૭૦માંથી ૬૨ સીટ જીતી હતી.



# સફેદ વાળ થતા અટકાવવા માટે રોજિંદા જીવનમાં અપનાવો આ સામાન્ય બાબતો



વાળ સફેદ થવાના ઘણા કારણો છે.આજની ફાસ્ટ લાઈફની સાથે ખોટી ખાનપાન અને વાળની યોગ્ય કાળજી ન લેવાને કારણે વાળ સફેદ થવાની સમસ્યા સર્જાય છે. આ દરમિયાન ક્યારેક પાણીમાં ફેરફાર અને ખોટા ઉત્પાદનોના ઉપયોગને કારણે વાળ સફેદ થઈ જાય છે.

જ્યારે પણ માથા પર સફેદ વાળ ઉગવા લાગે છે ત્યારે તેનાથી સંબંધિત ઘણી માન્યતાઓ પણ સામે આવે છે. આ દંતકથાઓ પર વિશ્વાસ ન કરવો જોઈએ અને નિષ્ણાત ડોકટરે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ દ્વારા આ માહિતી આપી છે. ડો. આંચલ પંથ એક ત્વચારોગ વિજ્ઞાની છે અને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સુંદરતા સંબંધિત ઘણી માહિતી શેર કરતી રહે છે.

ડો. પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર રીલ શેર કરતી વખતે આંચલ પંથે સફેદ વાળ સાથે જોડાયેલી આ માન્યતાઓ વિશે જણાવ્યું છે અને કહ્યું છે કે સફેદ વાળને આ વસ્તુઓ સાથે કોઈ લેવાદેવા નથી.

**સફેદ વાળ તોડવા નહીં**

જ્યારે પણ માથા પર સફેદ વાળ ઉગે છે ત્યારે સાંભળવા મળે છે કે આ સફેદ વાળ ન તોડવા જોઈએ. જો તમે આમ કરશો તો વધુ ગ્રે વાળ થશે પણ એવું નથી. નિષ્ણાતે જણાવ્યું કે આ સૌથી મોટું જૂઠ છે. સફેદ વાળને મૂળમાંથી ખેંચવા કે કાપવાથી વાળ વધુ ગ્રે થતા નથી.

**તેલ લગાવવાથી સફેદ વાળ ઓછા થાય છે**

નિષ્ણાતોએ માહિતી આપી છે કે જે કોઈ કહે છે કે સફેદ વાળની સમસ્યા હોય તો વાળને યોગ્ય રીતે તેલ લગાવવું જોઈએ. તેલ લગાવવાથી વાળ સફેદ થતા નથી. આ પણ જુઠ્ઠાણું છે. નિષ્ણાતોએ કહ્યું કે તેલ લગાવવાથી વાળના સફેદ થવા પર કોઈ અસર થતી નથી, ન તો વાળ વધે છે અને ન તો ઘટે છે.

**રંગનો ઉપયોગ**

ઘણા લોકો કહે છે કે જો તમે તમારા વાળને કલર કરો છો તો તેનાથી પણ વાળ સફેદ થવાની સમસ્યા સર્જાય છે. પણ એવું નથી.

નિષ્ણાતોએ માહિતી આપી છે કે વાળને કલર કરવાથી વાળ સફેદ થતા નથી. નિષ્ણાતોના અભિપ્રાય મુજબ, તમે સરળતાથી બજારમાં જઈને તમારા વાળને કલર કરાવી શકો છો.

# જો તમારા બાળકોને વાત વાતમાં ગુસ્સો આવતો હોય તો તેનાથી ઉપાયો વિશે જાણો

નાના બાળકો મોટાભાગે વડીલો કે અન્યની આદતો ઝડપથી અપનાવી લે છે. આ આદતોમાં પોતાની વાત પાર પાડવા માટે ગુસ્સે થવું પણ સામેલ છે. ઉગતા બાળકો માટે ગુસ્સો આવવો તે એકદમ સામાન્ય છે. પરંતુ જો સમયસર બાળકોના આક્રમક વર્તન પર નિયંત્રણ ન રાખવામાં આવે તો ધીમે ધીમે બાળકોનો ગુસ્સો વધતો જાય છે.

આવી સ્થિતિમાં, ઘણી વખત બાળકો તેમના કરતા મોટી ઉંમરના લોકો અથવા તેઓ જેની સાથે રમે છે તે લોકો પર હુમલો કરવા લાગે છે, તેમને મારવા લાગે છે અને બૂમો પણ પાડવા લાગે છે. જો તમારા બાળકનું વર્તન પણ આવું જ હોય તો ચાઈલ્ડ સાયકોલોજીસ્ટ ડો. ચાલો જાણીએ માલા વોહરા ખન્ના પાસેથી બાળકના આ વર્તનનું કારણ અને તેનાથી બચવાના ઉપાયો વિશે.



**બાળકના આક્રમક વર્તનનું કારણ શું છે?**

ડો. માલા વોડરા ખન્ના અનુસાર, સૌથી પહેલા તમારે એ સમજવાની જરૂર છે કે તમે બાળકના આ વર્તન સાથે કેવી રીતે વ્યવહાર કરી રહ્યા છો.

નાના બાળકો ઘણીવાર ગુસ્સામાં હોય ત્યારે સારા લાગે છે, જેના કારણે માતા-પિતા અથવા ઘરના અન્ય લોકો તેમને ગુસ્સો કરીને પોતાનો ગુસ્સો બતાવવાનું કહે છે, કારણ કે બાળપણમાં તેમને ગુસ્સો કરવો ખૂબ જ સુંદર લાગે છે. પરંતુ ધીમે-ધીમે બાળકોમાં આ આદત વધતી જાય છે, જેના કારણે તેઓ ગુસ્સે થઈ જાય છે.

બાળક દરેક કામ કરશે જેના પર તમે તેને ખુશી દર્શાવી છે, કારણ કે તમારા હસવાનો અર્થ એ છે કે તે તમારું ધ્યાન આકર્ષિત કરી શકે છે, જેના કારણે બાળકોમાં આ પ્રકારનું વર્તન વધે છે.

**બાળકનો ગુસ્સો કેવી રીતે ઓછો કરવો?**

બાળ મનોવૈજ્ઞાનિક ડો. માલા વોડરા ખન્નાના મતે, એક માતા- પિતા તરીકે તમારું પહેલું કામ બાળકના આવા વર્તનને પ્રોત્સાહન આપવાનું નથી. તમારે બીજી વસ્તુ કરવી જોઈએ કે બાળકને ગુસ્સો આવે અથવા કોઈને મારવા પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરો.

કોણ જાણે, બાળક કોઈ વાતથી ગુસ્સે થઈ શકે છે, અથવા કંઈક તેને પરેશાન કરતું હોઈ શકે છે, જેના કારણે તેનું વર્તન ચીડિયા બની રહ્યું છે. આવી સ્થિતિમાં, તમારે બાળકને સમજવા અને સમજાવવાનો પ્રયાસ કરવો જોઈએ, પરંતુ યાદ રાખો કે તમારે બાળકને મારવા માટે ક્યારેય પ્રોત્સાહિત કરવું જોઈએ નહીં.

**આ ટીપ્સ પણ મદદ કરશે**

- શાંત રહો, બાળક પર બૂમો પાડશો નહીં કે ગુસ્સે થશો નહીં, આમ કરવાથી તેના આક્રમક વર્તનને પ્રોત્સાહન મળી શકે છે. બાળકોને ગુસ્સા પર નિયંત્રણ રાખવા અને અન્ય લોકો સાથે યોગ્ય વર્તન કરવાનું શીખવો.
- બાળકોને રમકડા ફેંકવા, કોઈને મારવા અથવા કોઈ પર ગુસ્સે ન થવાની સલાહ આપો અને આના કારણે તેઓને શું નુકસાન થઈ શકે છે તે વિશે જણાવો.
- બાળકોને તેમના ગેરવર્તણૂક માટે સજા કરો, પરંતુ આવી સજા તેમનામાં તમારા પ્રત્યેનો ડર નથી વધારતી, પરંતુ તેમને તેમની ભૂલનો અહેસાસ કરાવે છે.

# નાઈટ સ્કિન કેર રૂટીનને આ રીતે ફોલો કરો અને જુઓ ત્વચાનો જાદુ

આપણી ત્વચાની સંભાળ રાખવા માટે આપણે ઘણું બધું કરીએ છીએ. સૌથી મોંઘી સ્કિન કેર ટ્રીટમેન્ટથી લઈને વિવિધ પ્રકારની પ્રોડક્ટ્સની મદદ સુધી લઈએ છીએ. જોકે ઘણા પ્રકારના સ્કિન કેર રૂટીન વિશે તો સાંભળ્યું જ હશે, પરંતુ વાત જો આપણે નાઈટ સ્કિન કેર વિશે કરીએ તો તેને સ્કિપ કરવામાં ન આવે તો તે વધારે સારું રહેશે.



નાઈટ સ્કિન કેરના ઘણા ફાયદા છે અને તે ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક હોય છે, પરંતુ નાઈટ સ્કિન કેરને ફોલો કરતી વખતે તમારે ઘણી બધી બાબતોનું ધ્યાન પણ રાખવાનું છે જેથી જે તમારી ત્વચા હંમેશા સુંદર અને નરમ દેખાય. જો તમે પણ નાઈટ કેર પછી તમારા ચહેરા પર ગ્લો લાવવા માંગો છો, તો આ આર્ટિકલને જરૂર વાંચો.

**હાઈડ્રેશન છે જરૂરી**

ત્વચાને યુવાન અને કોમળ રાખવા માટે તમારે વિવિધ રીતે સ્કિનને હાઈડ્રેટેડ રાખવી પડશે. આ માટે તમે શીટ માસ્ક, ફેસ સીરમ અને ફેસ ઓઈલનો ઉપયોગ કરી શકો છો. ધ્યાન રાખો કે આ માટે તમે એવી પ્રોડક્ટ ખરીદો, જેમાં જે હાયલ્યુરોનિક એસિડ હોય. તે તમારી ત્વચાને મોઈશ્ચર આપવાનું કામ કરે છે અને તેમાં રહેલા તત્વો ચહેરા પર થનારી એન્જિંગ સાયન્સને પણ ઘટાડવામાં મદદ કરે છે.


**આ રીતેપસંદ કરો પ્રોડક્ટ્સ**

સ્કિન કેર પ્રોડક્ટ્સને પસંદ કરતી વખતે ધ્યાન રાખો કે તમે એવી પ્રોડક્ટ્સને પસંદ કરો, જે કોલેજનને બુસ્ત કરવામાં મદદ કરતા હોય. આવું એટલા માટે કારણ કે કોલેજન બૂસ્ટર પ્રોડક્ટ તમારી ત્વચાની મિડલ લેયર સુધી જઈને નવા સેલ્સને બનાવવામાં મદદ કરે છે. સાથે જ તે તમારી સ્કિનમાંથી ડેડ સેલ્સને જીવનદાન આપીને તમારી ત્વચા પર ખોવાયેલી ચમક પણ પાછી લાવવા માટે ખૂબ જ ફાયદાકારક હોય છે.

## આંખોની કાળજી લેવી છે જરૂરી


આંખોની નીચેની જગ્યાનું pH લેવલ અલગ હોય છે, જેના જે કારણે આંખોની નીચેના ભાગની સંભાળ રાખવા માટે અલગ પ્રોડક્ટનો ઉપયોગ કરવો જરૂરી હોય છે. આંખોના નીચેના ભાગ માટે તમે એવી પ્રોડક્ટ પસંદ કરો, જે તમને ઠંડક આપવામાં મદદ કરે જેથી જે તમે હળવાશ અનુભવી શકો. આ ઉપરાંત આંખોની નીચેના ડાર્ક સર્કલ પણ ઓછા થઈ શકે, જેથી જે રાત્રે સૂતી વખતે તમને તણાવનો અનુભવાય.

# મહિલાઓને થાઈરોઈડની બિમારી બચવા માટે અપનાવો ઘરેલું ઉપચાર



આજના સમયમાં થાઈરોઈડની બીમારી ઝડપથી ફેલાઈ રહી છે. થાઈરોઈડ ગરદનની અંદર બટરફ્લાય આકારની ગ્રંથિ હોય છે. જે શ્વાસની નળીની ઉપર હોય છે. થાઈરોઈડ એક પ્રકારની અંડોક્રાઈન ગ્રંથિ (ટ્યુબલેસ ગ્રંથીઓ) છે, જે હોર્મોન્સનું નિર્માણ કરે છે. આ એક સામાન્ય ખામી છે જે પુરુષો કરતાં સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે. જાણો

મહિલાઓમાં થાઈરોઈડના લક્ષણો, કારણો, સારવાર અને તેના ઘરગથ્થુ ઉપચાર.



## થાઈરોઈડના પ્રકાર

## હાઈપરથાઈરોઈડ

હાઈપોથાઈરોઈડિઝમમાં ઓછી માત્રામાં હોર્મોન્સ બને છે જ્યારે હાઈપરથાઈરોઈડિઝમમાં વધુ માત્રામાં થ ઈરોઈડ હોર્મોન્સ બને છે. થાઈરોઈડ ગ્રંથિ ઝ૩ અને ઝ૪ થાઈરોક્સિન નામના હોર્મોન્સ પેદા કરે છે, જે હાર્ટ રેટરે, શ્વાસ, પાચનતંત્ર અને બોડી ટેમ્પરેચર પર ડાયરેક્ટ પ્રભાવ નાખે છે. તે હાડકાં, સ્નાયુઓ, માનસિક વૃદ્ધિ અને કોલેસ્ટ્રોલને પણ કંટ્રોલ કરે છે. જ્યારે શરીરમાં હોર્મોન્સનું સંતુલન બગડી જાય છે, ત્યારે શરીરનું વજન વધવા કે ઘટવા લાગે છે જેને થાઈરોઈડની સમસ્યા તરીકે ઓળખીએ છીએ.

**થાઈરોઈડના દર્દીઓ માટે ડાયટ પ્લાન**

- ➡ડાયટમાં વધુ પ્રમાણમાં ફળો અને શાકભાજીનો સમાવેશ કરો.
- ➡ઘરેલું ઉપચારમાં દૂધ અને દહીંનું વધુ માત્રામાં સેવન કરવું જોઈએ.
- ➡ડાયટમાં કેલ્શિયમ અને વિટામિન ડીથી ભરપૂર ફૂડ્સનો સમાવેશ કરો.
- ➡પ્રોટીન, ફાઈબર અને વિટામિન્સથી ભરપૂર સાબુત અનાજનું સેવન કરો.
- ➡ઓછી ચરબીવાળા ફૂડનું સેવન કરો.
- ➡આયોડિનયુક્ત ડાયટનું સેવન કરો.

| હાઈપરથાઈરોઈડિઝમના લક્ષણો | હાઈપોથાઈરોડિઝમના લક્ષણો |
| --- | --- |
| ● હૃદયના ધબકારા વધવા ● ગભરામણ ● સ્નાયુઓમાં નબળાઈ અને દુખાવો ● ચીડિયાપણું ● અનિદ્રા (ઊંઘની સમસ્યા) ● વધુ ભૂખ લાગવી ● અતિશય પરસેવો આવવો ● વજનમાં ઘટાડો | ● હૃદયના ધબકારા ધીમા પડવા ● લોહીમાં કોલેસ્ટ્રોલમાં વધારો ● સાંધાના દુખાવા અને સ્નાયુઓની જડતા ● ડિપ્રેશન થવું ● આંખો અને ચહેરા પર સોજો ● ઓછો પરસેવો આવવો ● પીરિયડ્સની અનિયમિતતા ● નબળી યાદશક્તિ ● કબજિયાત ● વધુ પડતા વાળ ખરવા ● હંમેશા થાક લાગવી |

## થાઈરોઈડ માટે ઘરેલું ઉપાય

**તુલસીઃ** બે ચમચી તુલસીના રસ સાથે અડધી ચમચી એલોવેરાનો રસ મિક્સ કરીને સેવન કરવાથી થાઈરોઈડ ખતમ થઈ જાય છે.

**નાળિયેર પાણીઃ** નાળિયેર પાણીનું દર બીજા દિવસે સેવન કરવાથી થાઈરોઈડને કંટ્રોલ કરવા મદદ મળે છે.


**હળદરઃ** હળદરમાં મળી આવતું કર્ક્યુમિન નામનું તત્વ થાઈરોઈડને કંટ્રોલ કરવામાં મદદરૂપ સાબિત થાય છે. થાઈરોઈડના દર્દીઓ માટે રાત્રે સૂતા પહેલા હળદરવાળું દૂધ પીવું ફાયદાકારક છે.

**દૂધીઃ** દરરોજ સવારે ખાલી પેટ દૂધીનો રસ પીવાથા થાઈરોઈડની બીમારીમાં રાહત મળે છે અનેબીમારી દૂર થાય છે.

**લીલા ધાણાઃ** લીલા ધાણાને બારીક પીસીને તેને એક ગ્લાસ પાણીમાં મિક્સ કરીનેરોજ પીવો. તેનાથી થાઈરોઈડની બીમારી ધીરે ધીરે કંટ્રોલમાં આવવા લાગેછે.

**આયોડિન :** થાઈરોઈડથી પીડિત દર્દીઓએ પોતાના ડાયટમાં આયોડીનનું વધુ માત્રામાં સેવન કરવું જોઈએ. ડુંગળી, લસણ અને ટામેટામાં સારા પ્રમાણમાં આયોડિન મળી આવે છે.

# ખજૂરથી હાઈ કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરી શકાય



ઉચ્ચ કોલેસ્ટ્રોલમાં ખજૂરના ફાયદાઃ આપણા શરીરમાં બે પ્રકારના કોલેસ્ટ્રોલ ઉત્પન્ન થાય છે - એક હાઈ ડેન્સિટી લિપોપ્રોટીન (HDL) જેને સારું કોલેસ્ટ્રોલ કહેવામાં આવે છે અને બીજું લો ડેન્સિટી લિપોપ્રોટીન (LDL) જેને ખરાબ કોલેસ્ટ્રોલ કહેવામાં આવે છે. જ્યારે શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ વધે છે ત્યારે તેને હાઈ કોલેસ્ટ્રોલ કહેવામાં આવે છે.

જ્યારે તમારા શરીરમાં ખરાબ ચરબી વધે છે, ત્યારે તે નસોમાં જમા થઈ જાય છે. ઉચ્ચ કોલેસ્ટ્રોલને કારણે, તમને હૃદય સંબંધિત રોગોનું જોખમ રહેલું છે. હાઈ કોલેસ્ટ્રોલથી છુટકારો મેળવવા માટે ખજૂરનું સેવન ખૂબ જ ફાયદાકારક છે.

ચાલો આ લેખમાં વિગતવાર સમજીએ, ઉચ્ચ કોલેસ્ટ્રોલમાં ખજૂર ખાવાના ફાયદા અને સાચી રીત.

હાઈ કોલેસ્ટ્રોલમાં ખજૂર ખાવાના ફાયદા

ખજૂરમાં રહેલા ગુણો શરીરને પોષણ આપવામાં મદદ કરે છે.

''ખજૂરમાં હાજર ફાઈબર, મેગ્નેશિયમ અને વિટામિન્સ શરીરમાં વધેલા ખરાબ કોલેસ્ટ્રોલને ઘટાડવામાં મદદ કરે છે. તેનું નિયમિત સેવન કરવાથી હૃદયને પણ ફાયદો થાય છે.''



હળવદ તાલુકાના દાડમની મીઠાશ વિશ્વમાં પ્રસરીઃ દુબઈ, મલેશિયા, બાંગ્લાદેશ, નેપાળ સહિતના દેશોમાં થતી નિકાસ

# દાડમ ઉત્પાદન ક્ષેત્રે મોરબી જિલ્લો સૌરાષ્ટ્રમાં પ્રથમ - ગુજરાતમાં ત્રીજા ક્રમે

## વાર્ષિક રૂ.૧૦૦ કરોડનું અંદાજિત ટર્ન ઓવરઃ હળવદ તાલુકામાં ૩૮૦૦ હેક્ટરમાં દાડમની ખેતી કરી સમૃદ્ધ બનતા ખેડૂતો





રાજકોટ મિરર, તા.૫

ઘડિયાળ - સિરામીક ઉદ્યોગ થકી વિશ્વભરમાં આગવી ઓળખ ધરાવતો મોરબી જિલ્લો કૃષિ ક્ષેત્રે પણ સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અદકેરૂ સ્થાન ધરાવે છે.

બાગાયતી કૃષિમાં દાડમના વાવેતર અને ઉત્પાદનમાં મોરબી જિલ્લો સૌરાષ્ટ્રમાં પ્રથમ જ્યારે સમગ્ર રાજ્યમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવે છે. જિલ્લાના અંદાજિત ૨૫૦૦ ખેડૂતો દાડમની ખેતી કરે છે, જેમાંથી ૨૦૦૦ જેટલા ખેડૂતો તો ફક્ત હળવદ તાલુકાના છે. હળવદ તાલુકામાં દાડમના વેચાણ માટે પાંચ ખાનગી માર્કેટિંગ યાર્ડ(મંડી) આવેલા છે. મોરબી જિલ્લામાં અંદાજિત ૪૫૦૦ હેક્ટરમાં અને હળવદ તાલુકામાં ૩૮૦૦ હેક્ટરમાં દાડમની ખેતી થાય છે. બાગાયતી પાકો માટે સરકાર ખેડૂતોને રોપાના વાવેતર સહિત વિવિધ સહાય આપે છે, જે થકી આ વિસ્તારના ઘણા ખેડૂતોની આવક ડબલ થઈ છે. જે સખત પુરુષાર્થ અને સરકારના સહકાર થકી ખેડૂતો સમૃદ્ધ બની રહ્યા છે તેની પણ પ્રતીતિ કરાવે છે.

કુદરતે મોરબીને માટીનું વૈવિધ્ય અર્પ્યું છે, વિશ્વને સિરામીકની વિવિધ પેદાશો આપતી સિરામીકની માટી પણ મોરબીની ભૂમિમાં છે, તો મગફળી, કપાસ અને અનેક બાગાયતી પાકો રૂપી સોનુ જ્યાં ઉપજે છે તેવી ફળદ્રુપ જમીન પણ મોરબી પાસે છે. તેમાં કંકુવરણી ભૂમિના પ્રદેશ તરીકે ઓળખાતો હળવદ તાલુકો બાગાયતી ખેતીમાં વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ગુણવત્તાની દ્રષ્ટિએ અગ્રેસર છે. પાંચાળ પ્રદેશની આ માટીમાં ધરતી પુત્રના પુરુષાર્થ થકી પારસમણિ નિપજે તેવી શક્તિ રહેલી છે. ત્યારે બાગાયતી ખેતીના ક્ષેત્રે દાડમની ખેતીમાં હળવદ એક અનન્ય સ્થાન ધરાવે છે.

''દાડમની ખેતી વર્ષે રૂ.૮૦ લાખ રળી આપે છે. આર્થિક સમૃધ્ધિ વધવાની સાથે ખેતરોમાં શ્રમિકોને પણ રોજગારી મળે છે'' હળવદ તાલુકાના ઈશ્વરનગર ગામના ખેડૂત પ્રફુલભાઈ ધનજીભાઈ રાજપરા છેલ્લા ૭ વર્ષથી ૪૫ વીઘા જમીનમાં દાડમની ખેતી કરે છે. તેઓ આ વિશે વધુ વાત કરતા જણાવે છે કે, મારી કુલ જમીન ૯૦ વીઘા છે. અમે વર્ષોથી પરંપરાગત પાકોની ખેતી કરતા હતા. દસેક વર્ષ અગાઉ સ્થાનિક બાગાયત અધિકારી મને મુંબઈ બાગાયતલક્ષી કૃષિ સેમિનારમાં ભાગ લેવા લઈ ગયા હતા. ત્યાં દાડમ સહિતની આધુનિક ખેતી વિશે માર્ગદર્શન અપાયુ હતું. ત્યારે કશુંક નવું કરવાની ઈચ્છા અને ખેતીમાં ઉત્પાદન - નફો વધારવા દાડમની ખેતીની શરૂઆત કરી. દાડમના રોપાના વાવેતર માટે ખર્ચના ૪૦ ટકા લેખે રૂ. અઢી લાખની સહાય સરકાર દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત, દાડમની ખેતી માટે જરૂરી એવા મીની ટ્રેક્ટર માટે રૂ. ૫૦,૦૦૦ તથા દવા છંટકાવ માટે રૂ. ૨ લાખના સ્પ્રેયર પંપની ખરીદી માટે પણ મને સરકારી સબસીડી મળી. ચોમાસુ અને ઋતુ અનુકુળ હોય તો વર્ષે રૂ.૮૦ લાખથી પણ વધુનું ઉત્પાદન મળી રહે છે. જેનાથી અમારા જેવા ખેડૂતોની આર્થિક સમૃધ્ધિ વધી છે અને ખેતરોમાં કામ કરતા માણસોને પણ રોજગારી મળી રહે છે. હળવદના દાડમની ઉત્તમ ગુણવત્તાના કારણે વિદેશમાં પણ માંગ છે. અમારી પાસેથી એજન્ટ દાડમની ખરીદી કરી ગુણવત્તા મુજબ ગુજરાત બહારના રાજ્યમાં તથા બાંગ્લાદેશ સહિતના અન્ય દેશમાં નિકાસ કરે છે. તો સુંદર ગઢ ગામના ખેડૂત પ્રહલાદ ભાઈ લાલજી ભાઈ પરમાર કે જેઓ છેલ્લા દસ વર્ષથી દાડમની ખેતી સાથે સંકળાયેલા છે તેઓ વર્ષે ૯૦૦ ટન જેટલા દાડમનું ઉત્પાદન મેળવે છે. દુબઈમાં તેમના દાડમની ખૂબ સારી માંગ હોવાથી મોટા ભાગનું ઉત્પાદન ત્યાં નિકાસ થાય છે. તેઓ જણાવે છે કે દાડમની ખેતી અને સરકારની સુવિધાઓએ હળવદ પંથકમાં કૃષિ માટે અનુકૂળ વ્યવસ્થા ઊભી કરી છે. ''સરકારની રોપાના વાવેતર માટેની સહાય, ડ્રીપ ઈરીગેશન, મીની ટ્રેક્ટર માટેની સબસીડીની સહાય થકી વાર્ષિક ૧૦૦ થી ૧૫૦ ટન જેટલું દાડમનું ઉત્પાદન થાય છેઃ અંદાજિત ૬૦ લાખથી વધુ આવક'' ઈશ્વરનગરના ખેડૂત ભરતભાઈ માકાસણા.

આ ૩૫ વર્ષીય યુવાન એમ.બી.એ.નો અભ્યાસ છોડી ખેતી ક્ષેત્રે કંઈક નવીન કરવાના વિચાર સાથે જોડાયા છે. નર્મદાનું પાણી આવતા હળવદની પાણીદાર ભૂમિ વધુ પાણીદાર બની જેથી ભરતભાઈએ ખેતી ક્ષેત્રે ઝંપલાવ્યું. આ બાબતે તેઓ જણાવે છે કે, મેં બાર વર્ષ પહેલા દાડમની ખેતીની શરૂઆત કરી, અત્યારે કુલ ૬૫ વીઘામાં દાડમ વાવેલા છે. જેમાં વાર્ષિક ૧૦૦ થી ૧૫૦ ટન જેટલું દાડમનું ઉત્પાદન મળી રહે છે અને અંદાજિત ૬૦ લાખથી વધુ આવક મળે છે. હળવદ વિસ્તારના લગભગ તમામ ખેડૂતોના દાડમ ગુજરાત બહાર અન્ય રાજ્યો તથા વિદેશમાં નિકાસ થાય છે. ભરતભાઈને પણ દાડમની બાગાયતી ખેતી માટે રોપાના વાવેતર માટેની સહાય, ડ્રીપ ઈરીગેશન અને મીની ટ્રેક્ટર માટેની સબસીડી પણ મળેલી છે. ''હળવદ પંથકના દાડમની દુબઈ, મલેશિયા, બાંગ્લાદેશ, નેપાળ સહિતના દેશોમાં ભારે માંગ છે''

હળવદમાં થઈ રહેલ દાડમના મબલખ ઉત્પાદનના કારણે હળવદ વિસ્તારમાં જ દાડમ માટેના જ પાંચ જેટલા ખાનગી માર્કેટિંગ યાર્ડ પણ આવેલા છે. આ બાબતે દ્વિજા ફ્રુટ માર્કેટ યાર્ડના સંચાલક કાનાભાઈ પટેલ જણાવે છે કે, હળવદના ખેડૂતોને દાડમ વેચવા ક્યાંય બહાર ન જવું પડે અને ઘર આંગણે જ તેમને સારા ભાવ મળી રહે તે માટે હળવદ વિસ્તારમાં પાંચ ખાનગી ફ્રુટ માર્કેટ યાર્ડ (મંડી) કાર્યરત છે. અમારા ફ્રુટ માર્કેટ યાર્ડમાં વાર્ષિક અંદાજિત ચાર હજારથી પાંચ હજાર ટન દાડમની આવક થાય છે અને જેનું વાર્ષિક ટર્ન ઓવર ૨૦ થી ૨૫ કરોડ જેટલું છે.

જેથી હળવદના પાંચ ફ્રુટ માર્કેટ મળી કુલ અંદાજિત સો કરોડ જેટલું વાર્ષિક ટર્ન ઓવર અપેક્ષિત છે. હળવદ વિસ્તારના દાડમ ગુણવત્તા મુજબ દુબઈ, મલેશિયા, બાંગ્લાદેશ, નેપાળ સહિત વિવિધ દેશોમાં તથા ગુજરાત બહાર લખનઉ, કાનપુર, દિલ્હી, બેંગ્લોર, વિશાખાપટ્ટનમ, હૈદરાબાદ, સીલીગુડ્ડી જેવા શહેરો અને યુપી, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં નિકાસ કરવામાં આવે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતોના વેસ્ટ દાડમની પણ ફ્રુટ માર્કેટ દ્વારા ખરીદી કરવામાં આવે છે. તેના પણ યોગ્ય ભાવ આપવામાં આવે છે. આ વેસ્ટ દાડમની છાલનો પણ અનેક રીતે ઉપયોગ કરવામાં આવે છે..




## ૧૭૫ રન અણનમ ફટકારી ૧૯૮૩માં વર્લ્ડ કપ જીતાડવામાં કપિલદેવે બતાવી હતી અનન્ય કેપ્ટનશીપ

હરિયાણા હુરીકેન તરીકે ઓળખાતા, જમણેરી બોલર સહીત ઓલ રાઉન્ડર અને ભારતીય ક્રિકેટ ટીમના કપ્તાન કપિલદેવ રામલાલ નિખંજનો આજે ૬ ડીસેમ્બર જન્મ દિવસ છે. ૧૯૫૯ની ૬ તારીખે તેમનો ચંડીગઢમાં જન્મ થયો હતો. ભારત દેશના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતા ખેલાડી છે, કે જે હાલ રમતમાંથી નિવૃત્તિ લઇ ચુક્યા છે. આ ખેલાડી એકદિવસીય ક્રિકેટ સ્પર્ધા તેમ જ પાંચ દિવસની ટેસ્ટ ક્રિકેટ સ્પર્ધામાં બોલિંગ અને બેટિંગ એમ બંને ક્ષેત્રે ઘણીવાર પોતાની કાબેલિયત પુરવાર કરી ચુક્યા છે. કપિલ દેવના સુકાનીપણા હેઠળ ભારતીય ક્રિકેટ ટીમ ૧૯૮૩ના વર્ષમાં ઇંગ્લેન્ડ ખાતે રમાયેલ એક દિવસીય ક્રિકેટ સ્પર્ધાનો વર્લ્ડ કપ જીતી લઇ વિશ્વવિજેતા બનેલ હતી. કપિલદેવ રામલાલ નિખંજ (જન્મ જાન્યુઆરી ૬ ૧૯૫૯, ચંડીગઢ), જે વધુ જાણીતા નામ કપિલ દેવ તરીકે ઓળખાય છે, તે ભારતીય ક્રિકેટ ટીમનાં ભુતપૂર્વ ખેલાડી છે અને મહાન 'ઓલરાઉન્ડરો' પૈકીના એક છે. જ્યારે . ૧૯૮૩ માં ભારતીય ટીમ 'ક્રિકેટ વિશ્વ કપ' વિજેતા બની ત્યારે તેઓ ભારતીય ટીમનાં સુકાની હતા. આ વિશ્વકપ શૃંખલાની ઝીમ્બામ્વે સામેની એકદિવસીય રમત દરમ્યાન ભારતની ઓછા રનમાં પાંચ વિકેટો પડી ગઇ હતી. આ વેળાએ કપિલદેવે આક્રમક રીતે રમી ૧૭૫ રનો કરી અણનમ રહી, ભારતની ટીમને હારમાંથી ઉગારી લીધી હતી. આ ૧૭૫ રનનો જુમલો એ સમયનો વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ જુમલો હતો. આ વિક્રમ ઘણાં વર્ષો સુધી અકબંધ રહ્યો હતો. ઇ. સ. ૨૦૦૨ માં વિઝ્ડને તેઓને ''સદીનાં ભારતીય ક્રિકેટર'' (Indian Cricketer of the Century) તરીકે ઓળખાવ્યા.૫. ઓક્ટોબર ૧૯૯૯ થી ઓગસ્ટ ૨૦૦૦ સુધી, ૧૦ માસ તેઓ ભારતીય ક્રિકેટ ટીમનાં પ્રશિક્ષક તરીકે રહ્યા. કપિલ દેવે તેમની કારકિર્દીમાં ટેસ્ટ ક્ષેત્રે ૪૩૪ વિકેટો અને એકદિવસીય મુકાબલાઓમાં ૨૫૩ વિકેટ ખેરવી, એ સમયના સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યા હતા.

### ટેસ્ટક્ષેત્રે

ટેસ્ટ ૧૩૧, દાવ ૧૮૪, નોટ-આઉટ ૧૫, ઉચ્ચતમ સ્કોર ૧૬૩, રન ૫૨૪૮, બેટિંગ સરેરાશ ૩૧.૦૫ , શતક ૮ , અર્ધશતક ૨૭ , કેચ ૬૪ , દડા ૨૭૭૪૦, રન ૧૨૮૬૭, વિકેટ ૪૩૪, બોલીંગ સરેરાશ ૨૯.૬૪ , સર્વશ્રેષ્ઠ ગેંદબાજી ૯/૮૩ , ૫ વિકેટ એક દાવમાં ૨૩ વાર.

### એકદિવસીય રેકોર્ડ

એકદિવસીય મેચ ૨૨૫, દાવ ૧૯૮, નોટઆઉટ ૩૯, ઉચ્ચતમ સ્કોર ૧૭૫*, રન ૩૭૮૩, બેટિંગ સરેરાશ ૨૩.૭૯, શતક ૧, અર્ધશતક ૧૪, કેચ ૭૧, ગેંદે ૧૧૨૦૨, વિકેટ ૨૫૩, બોલીંગ સરેરાશ ૨૭.૪૫, સર્વશ્રેષ્ઠ ગેંદબાજી ૫/૪૩, ૫ વિકેટ એક દાવમાં ૧ વાર.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# દોરામાં લટકાયા !

## જીવલેણ ચાઈનીઝ દોરા સામે રણનીતિ વગરની કાર્યવાહી



ઉતરાયણનું પર્વ આવી રહ્યું છે. પતંગ રસિયાઓ મશગુલ બન્યા છે. પતંગબાજી દ્વારા આનંદના આભને બાંધવાનું પર્વ કેટલા વરસથી જીવલેણ બની ગયું છે. આકાશમાં રાજ કરવા પતંગબાજો મજબૂત દોરાના નામે ચાઈનીઝ દોરાના રવાડે ચડ્યા છે.

આ દોરા તલવારની ધાર જેવા જીવલેણ છે. પ્રતિ વર્ષ અનેક નિર્દોષ લોકોના ગળા કપાય છે. લોકોના જીવ જાય છે. મોટાભાગે એવું બને છે કે, ટુ વ્હીલર ચલાવનારાઓના ગળામાં આ દોરો અટવાઈ જાય છે અને નસ કપાઈ જાય છે.

ચાઈનીઝ નામે વેચાતા જીવલેણ દોરા પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. ગેરકાયદેસર દોરા સામે કાર્યવાહી પણ થાય છે. રાજકોટમાં પોલીસ દ્વારા અનેક ઓપરેશન થયા છે. બે દિવસ પૂર્વે પણ ૯૨ ફીરકીઓ સાથે દોરા વ્યાપારીઓને ઝડપી લેવાયા છે.

આ અંગે દર વર્ષે કાર્યવાહી થાય છે. પરંતુ નિર્દોષ લોકોના ગળા કપાતા જ રહે છે. સમગ્ર મુદ્દાને ઊંડાણથી જુઓ તો ખ્યાલ આવે કે પોલીસ કાર્યવાહી કરે છે પણ રણનીતિનો સંપૂર્ણ અભાવ છે.

ચાઈનીઝ દોરી સાથે માત્ર ફૂટપાથીયા નાના-નાના વેપારીને પકડવામાં આવે છે. રાજ્ય વ્યાપી નિર્ણાયક ઓપરેશન થતું નથી ખાળે ડુચ્ચા અને દરવાજા મોકળા જેવી આ સ્થિતિ છે. ઘણી વખત તો એવું લાગે છે કે, માત્ર દેખાડો કરવા ખાતર જ કાર્યવાહી થાય છે, આ દોરા ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં વેચાય છે. રણનીતિ પ્રમાણે ઓપરેશન થાય તોજ ગુજરાતમાં લોકોના ગળા સલામત રહે.

જીવલેણ દોરો ગુજરાતમાં ક્યાંથી ઘૂસે છે ? તેનો ઉત્પાદક કોણ છે ? દોરા ઘુસાડનારા વ્યાપારીઓ કોણ છે ? આ અંગે પોલીસ શા માટે તપાસ કરતી નથી ? ચાઈનીઝ દોરીના મોટા માથા મોજથી ફરે છે અને ફૂટપાથીયા બે પાંચ ટાબરીયાને પકડીને પોલીસ બહાદુરી દેખાડે છે.

ચાઈનીઝ દોરી સામાન્ય સમસ્યા નથી. અનેક લોકોના જીવ ગયા છે. આ વર્ષે પણ ગળા કપાયાની દુર્ઘટના બની છે. આ મુદ્દે ગંભીર થવાના બદલે ગુજરાતભરમાં પોલીસ લોકલ કાર્યવાહી કરીને ઝીણા ઝીણા વ્યાપારીને પકડીને સંતોષ માને છે. આ બાબત બેદરકારી છે કે, પડદા પાછળ સેટિંગ ચાલે છે ?

ચાઈનીઝ દોરીની જેમ જ તુક્કલ મામલે ચાલે છે. આગનો ઘોડો હવામા ઉડતો-ઉડતો મોટી દુર્ઘટનાઓ સર્જે છે. આવી પ્રોડક્ટ પર પ્રતિબંધ છે. ચાઈનીઝ દોરાની જેમ તેના નાના-નાના વેપારીઓ પકડાય છે, પણ નિર્ણાયક કાર્યવાહી થતી નથી. પોલીસ તંત્રની પ્રવૃત્તિ સામે અવાજ નહિ ઉઠે તો ગળા કપાતા રહેશે. ગુજરાતીઓએ ગળા તૈયાર રાખવા જોઈએ અથવા તંત્રનું ગળું દાબવું જોઈએ.

" પ્રેમભક્તિના હસ્તાંક્ષરે "
ભૂલ એ જીવનનું એક પાનું છે,
પણ સંબંધ એ આખું પુસ્તક છે.
જરૂર પડ્યે ભૂલનું પાનું ફાડી નાખજો,
પણ એક પાના માટે આખું પુસ્તક ક્યારેય નહીં ફાડતા.

પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# ડોલર સામે ગગડતાં રૂપિયાથી આયાતી કાચો માલ થશે મોંઘો

## ફુગાવો વધવાની પણ સંભાવના, લોકોના ખર્ચમા ઉછાળાની વકી

નવી દિલ્હી, તા.૫

ડોલર સામે સમયાંતરે ગગડી રહેલા રૂપિયાથી આયાતી કાચોમાલ મોંઘોદાટ થવાની પ્રબળ સંભાવના છે. એટલું જ નહિ ફુગાવો વધવાના સંકેતો પણ નકારી શકાતા નથી. જો આમ થાય તો પ્રજાના ખિસ્સાના ખર્ચમાં પણ ઉછાળો(વધારો)થવાની પ્રબળ સંભાવના વર્તાઈ રહી છે.

ભારતમાં ડોલર સામે રૂપિયાના અવમૂલ્યનથી અનેક અસરો થવાની છે. હાલ રૂપિયો ૮૫.૭૯ ટકાના સૌથી નીચા સ્તરે આવી ગયો છે. એટલે કે ૧ યુએસ ડોલરની કિંમત ૮૫. ૭૯ રૂપિયા થઈ ગઈ છે. રૂપિયાના મૂલ્યમાં થયેલા રેકોર્ડ ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરતાં નિષ્ણાતો કહે છે કે સ્થાનિક ચલણના મૂલ્યમાં ઘટાડાથી આયાતી કાચા માલની કિંમતના કારણે ઉત્પાદન ખર્ચમાં વધારો થશે અને દેશમાં એકંદરે ફુગાવો વધી શકે છે. જે સામાન્ય લોકોના ખિસ્સા પર અસર કરશે. નિષ્ણાતોનું કહેવું છે કે રૂપિયાનો ડોલર સામે ઘટતી કિંમતના લીધે મોબાઈલ ફોન, ટીવી, ફ્રીજ, એસી, પેઈન્ટ વગેરેની કિંમતો વધશે. આ ઉપરાંત વિદેશમાં અભ્યાસ અને વિદેશ પ્રવાસનો ખર્ચ પણ વધશે.

નિષ્ણાતોના મતે ડોલર સામે રૂપિયાના અવમૂલ્યનને કારણે સામાન્ય લોકો પર અસર થશે. તેમજ આયાત મોંઘી થતા ફુગાવો વધશે અને કાચો માલ અને વસ્તુઓને મોંઘી બનાવશે. જો કે, તે નિકાસને વેગ આપે છે. તો તેની આર્થિક વૃદ્ધિ અને રોજગાર પર સકારાત્મક અસર થઈ શકે છે.

જો બજારના પરિબળો માંગ અને પુરવઠાને કારણે રૂપિયો નબળો પડે છે, તો ઉત્પાદન વૃદ્ધિ અને ફુગાવો બંને વધશે.

નબળા રૂપિયાના કારણે આયાત મોંઘી બની

નિષ્ણાતોના મતે રૂપિયાના વિનિમય દરમાં ઘટાડાની સૌથી મોટી અસર ફુગાવાના વધારાના સ્વરૂપમાં છે કારણ કે આયાતી કાચા માલની કિંમતમાં વધારો થયો છે. અને ઉત્પાદન વધે છે. જેના કારણે બોજ આખરે ગ્રાહકોએ ઉઠાવવો પડે છે. આ કારણે વિદેશ પ્રવાસ અને બીજા દેશમાં અભ્યાસ કરવો મોંઘો પડી જાય છે.

અર્થતંત્ર પર પર તેની અસર જોવા મળે છે. જેમાં બજારના પરિબળોને કારણે વિનિમય દરમાં ફેરફાર થતો હોય છે. જો કે, આરબીઆઇના હસ્તક્ષેપ અને સોનાની ખરીદીને કારણે કરંટ એકાઉન્ટ ડેફિસિટ (CAD)માં તાજેતરમાં થયેલા વધારા અંગે ચર્ચાઓ થઈ રહી છે. નબળા વિનિમય દરો આયાતને મોંઘી બનાવે છે, જે દેશમાં ફુગાવો વધારી શકે છે. જેની વિવિધ ક્ષેત્રો પર તેની નકારાત્મક અસર પડે છે.

### કંપનીઓનો ખર્ચમાં થઇ શકે વધારો

આ ઉપરાંત આ સ્થિતીમાં વિદેશી ચલણમાં લોન લેતી કંપનીઓએ વધુ ચૂકવણી ખર્ચ ચૂકવવો પડશે. આયાતી કાચા માલ પર નિર્ભર એકમો નફાનું માર્જિન ઘટી શકે છે. જે ભારતમાં વિદેશી રોકાણના પ્રવાહને મર્યાદિત કરી શકે છે. બીજી તરફ, સ્થાનિક ચલણના મૂલ્યમાં ઘટાડાથી નિકાસલક્ષી કંપનીઓને ફાયદો થઈ શકે છે.

### ક્યા કારણે ગગડે છે રૂપિયો

સોફ્ટવેર અને મેન્યુફેક્ચરિંગ નિકાસને પ્રોત્સાહન મળી શકે છે કારણ કે તે ચીનની સરખામણીમાં વધુ સ્પર્ધાત્મક હશે. જ્યારે ડોલર સામે રૂપિયાના વિનિમય દરમાં ઘટાડા માટેના બે મુખ્ય કારણો છે.

પ્રથમ, ત્રીજા ક્વાર્ટરમાં વેપાર ખાધ વધી, નિકાસમાં થયેલા વધારા કરતાં આયાતમાં વધારો થયો છે.

# વિદેશના વિદ્યાર્થીઓને ભારતના વિઝા સરળતાથી મળશે, સરકારે કરી આ મહત્વની જાહેરાત




નવી દિલ્હી, તા.૫

વિદેશના વિદ્યાથીઓ ભારતની યુનીવર્સીટીઝમાં આભ્યાસ માટે આકર્ષવા કેન્દ્ર સરકાર પ્રયત્નો કરી રહી છે.

વિદેશના વિદ્યાર્થીઓને સરળતાથી ભારતના વિઝા મળી રહે એ માટે સરકારે વિઝાની બે સ્પેશિયલ સિરીઝ રજૂ કરી છે.

અધિકારીઓએ જણાવ્યું કે ગૃહ મંત્રાલયે 'ઈ-સ્ટુડન્ટ વિઝા' (e-student Visa) અને 'ઈ-સ્ટુડન્ટ-એક્સ' વિઝા (e-student Visa-X) રજૂ કર્યા છે અને તમામ અરજદારોએ સરકાર દ્વારા શરૂ કરાયેલા 'સ્ટડી ઈન ઈન્ડિયા' -(SII) પોર્ટલનો ઉપયોગ કરવાનો રહેશે. SII પોર્ટલ પર નોંધાયેલા પાત્ર વિદેશી વિદ્યાર્થીઓ ઈ-સ્ટુડન્ટ વિઝા સુવિધાનો લાભ લઈ શકે છે, જ્યારે ઈ-સ્ટુડન્ટ-ડ વિઝા ઈ-સ્ટુડન્ટ વિઝા ધરાવતા લોકોના આશ્રિતોને આપવામાં આવે છે.

ભારતમાં લાંબા ગાળાના અથવા ટૂંકા ગાળાના અભ્યાસક્રમો માટે ભણવા આવતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે SII પોર્ટલ પ્રવેશ પ્રક્રિયાને સરળ બનાવે છે.

વિદ્યાર્થીઓએ વિઝા માટે અલગથી https://indianvisaonline.gov.in/ પોર્ટલ પર અરજી કરવાની રહેશે, પરંતુ તેમની અરજીની યોગ્યતા SII ઈઉ દ્વારા ચકાસવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું કે વિદ્યાર્થીઓએ SII વેબસાઇટ દ્વારા ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અરજી કરવી ફરજિયાત છે.

### કોને મળશે વિઝા?


અધિકારીઓએ જણાવ્યું હતું કે ઇ-સ્ટુડન્ટ વિઝા એવા વિદેશી નાગરિકોને આપવામાં આવશે જેઓ ભારતમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માંગતા હોય અને જેઓ કાયદાકીય અને નિયમનકારી સંસ્થા દ્વારા માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓમાં નિયમિત, ફૂલ ટાઈમ, અંડરગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ, પીએચડી અને આવા અન્ય ઔપચારિક પ્રોગ્રામ્સમાં અભ્યાસ કરવા માંગે છે.


અભ્યાસક્રમની અવધિના આધારે વિદ્યાર્થી વિઝા પાંચ વર્ષ માટે ઈસ્યુ કરવામાં આવે છે, તેને વધારી પણ શકાય છે. જેમની પાસે માન્ય ઈ-સ્ટુડન્ટ વિઝા છે તેઓ કોઈપણ ઈચ્છિત ઈમિગ્રેશન બ્રાંચ પરથી ભારતમાં પ્રવેશી શકે છે.

### SII શું છે?

SII એ શિક્ષણ મંત્રાલયનો એક ફ્લેગશિપ પ્રોજેક્ટ છે, જે તેની ૬૦૦ થી વધુ ભાગીદાર સંસ્થાઓ દ્વારા ઉચ્ચ શિક્ષણ મેળવવા ઈચ્છતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને હોસ્ટ કરે છે, જેમાં એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી, મેનેજમેન્ટ, એગ્રીકલ્ચર, સાયન્સ, આર્ટ એન્ડ હ્યુમાનીટીઝ, લેન્ગ્વેજ સ્ટડીઝ, કોમર્સ, લો, ફાર્મસી, નર્સિંગ, પેરામેડિકલ સાયન્સ અને બૌદ્ધ સ્ટડીઝ, યોગ વગેરે જેવા ૮૦૦૦ થી વધુ વૈવિધ્યસભર અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે.

# ચીનમાં ફેલાતા વાયરસના પગલે દેશનું સ્વાસ્થ્ય મંત્રાલય સાવધ





## વિશ્વ આરોગ્ય સંસ્થાને સતત અપડેટ આપવા સ્વાસ્થ્યમંત્રાલયનો આદેશ

નવી દિલ્હી, તા.૫

ચીનમાં હાલ હ્યુમન મેટાપ્યુમોવાયરસનો પ્રકોપ દેખાઈ રહ્યો છે. ચીનમાં ફેલાઈ રહેલા આ નવા વાયરસને લઈને ભારત સહિત સમગ્ર વિશ્વમાં દહેશત છે. વાયરસને કારણે મોટી સંખ્યામાં લોકોએ જીવ ગુમાવ્યાના પણ અહેવાલો છે. તાજેતરના અહેવાલોને જોતા આરોગ્ય મંત્રાલય પણ એલર્ટ થઈ ગયું છે. ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયે આ સ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ને નિયમિત અપડેટ આપવા માટે અનુરોધ કર્યો છે.

ભારતનું સ્વાસ્થ્ય મંત્રાલય સતર્ક

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર સાવચેતીના ભાગરૂપે ઈંખડ્ટ કેસની તપાસ કરતી લેબોરેટરીઓની સંખ્યા વધારવામાં આવશે. વધુમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) આખા વર્ષ દરમિયાન HMPV વલણો પર નજર રાખશે. સ્થિતિની સમીક્ષા કરવા માટે શનિવારે સંયુક્ત મોનિટરિંગ ગ્રૂપ (JMG)ની નવી દિલ્હીમાં ડિરેક્ટોરેટ જનરલ ઑફ હેલ્થ સર્વિસીઝની અધ્યક્ષતામાં બેઠક મળી હતી.

ભારત શ્વસન સબંધી રોગો સામે આપશે લડત

મંત્રાલયે જણાવ્યું કે ચર્ચા બાદ એ વાત પર સહમતિ બની હતી કે ચીનમાં સ્થિતિ અસામાન્ય નથી, ખાસ કરીને ફ્લૂની મોસમને ધ્યાનમાં રાખીને. મંત્રાલયના જણાવ્યા અનુસાર, વર્તમાન ઉછાળો ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસ, આરએસવી અને એચએમપીવીને કારણે છે, જે સામાન્ય રીતે આ ઋતુમાં જોવા મળે છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે તાજેતરના અભ્યાસના આંકડાઓ સૂચવે છે કે ભારત શ્વસન સંબંધી રોગોમાં કોઈપણ વધારાનો સામનો કરવા માટે તૈયાર છે. આરોગ્ય પ્રણાલીઓ અને સર્વેલન્સ નેટવર્ક સતર્ક છે, જેથી દેશમાં કોઈપણ સ્વાસ્થ્ય પડકારોનો ઉકેલી શકાય.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

# શું શૂળસૈયા પર સૂઈને મૃત્યુની પ્રતીક્ષા કરવી એ ભીષ્મ પિતામહનાં કર્મનું ફળ હતું?



મિત્રો- શુભ સવાર

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ટાઈમ ટ્રાવેલ એ અત્યારે બહુ પ્રચલિત શબ્દ છે, અને એનાં પર બહુ બધા લેખકો એ લખ્યું છે એમાં આગળ ગતિ કરી હોય એવું બહુ ઓછું બતાવ્યું છે, પણ પાછળ ગતિ કરી હોય એવી ઘણી બધી ફિલ્મોની કહાની, કે પછી સીરીયલ બની છે, અને મૂળ તો આ વિચાર આપણી સંસ્કૃતિનો છે, અને આપણે ત્યાંથી જ લગભગ એ ચોરેલો છે. સમયમાં પાછળ ગતિ કરવી એટલે કે ભૂતકાળમાં ગતિ કરવી, અને સામાન્ય રીતે તો દિવસમાં આપણે આપણા અતિતમાં કેટલીય વાર ચાલ્યાં જતાં હોઈએ છીએ. આપણી પાસે તો એવા વૈદિક ગ્રંથો તેમજ અવતાર ચરિત્ર દર્શાવતાં સદગ્રંથો પણ છે, જેના દ્વારા આપણે જે તે સમયમાં શું ઘટના ઘટી એનું તાદ્રશ્ય દ્રશ્ય જોઈ શકીએ છીએ, અને આપણી તીવ્રતા વધુ હોય તો આપણે અનુભવી પણ શકીએ. અવતાર લીલા તરીકે રામ વનવાસ ને જોઈએ તો, પોતાના પુત્ર સાથે થતો આટલો મોટો અન્યાય જોઈને કૌશલ્યાનું મૌન, સીતાનું અપહરણ, બીજી વારનો સીતાનો ત્યાગ, આ બધું દર્શાવે છે કે સ્ત્રી સશક્તિકરણની કમી ત્યારે પણ હતી, અને આજે પણ છે, અને એને કારણે જ સમાજમાં સ્ત્રીઓને જોઈએ તેટલું માન સન્માન મળતું નથી. સુધરેલા વર્ગમાં તો હજી પણ ઠીક છે બધું, પરંતુ પછાત વર્ગમાં તો પરિસ્થિતિ હજી પણ વણસેલી જ છે. માત્ર મધર્સ ડે એ પોતપોતાની માતાના પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કરે, અને મા પ્રત્યે તો દરેકને માન હોય જ એમાં કોઈ શંકા નથી. પરંતુ પુરુષ પતિ એ પત્નીને પોતાનાં પુત્રની માતા છે, એ રીતે એને શું માન સન્માન આપ્યું છે?

મકર સંક્રાંતિ આવે એટલે પિતામહ ભીષ્મ પણ યાદ આવે, કથાથી આપણે સૌ પરિચિત છીએ, કે રાજા પાંડુના નિધન બાદ પાંડવો, અને કૌરવો વચ્ચે, પોતાના અધિકાર માટે યુદ્ધ થયું. એટલે કે દુર્યોધને પાંડવોને સોયની અણી જેટલી પણ જમીન આપવાની ના પાડી દીધી, અને એમાં માટે કેટલાય પ્રયત્નો છતાં દુર્યોધન માન્યો નહીં. ધૃતની ક્રિડા દરમિયાન પાંડવો પોતાની પત્ની દ્રૌપદીને હારી જાય છે, અને દુર્યોધન દ્વારા તેની સાથે અભદ્ર વ્યવહાર થાય છે, અને ભરી સભામાં વસ્ત્રો ખેંચવામાં આવે છે. મહાભારતના આ બધા પાત્રોમાંથી સૌથી વધુ સંતાપ જો કોઈને થયો હોય તો મારી દ્રષ્ટિએ પિતામહા ભિષ્મ છે. કારણ કે હસ્તિનાપુરની રક્ષા માટે પોતે આજીવન કુંવારા રહેવાનું વ્રત રાખ્યું. કૌરવો અને પાંડવો બંને સાથે તે સંબંધની રીતે એકસરખા જોડાયેલા હતા. દુર્યોધન જે કરી રહ્યો છે તે ખોટું છે એ જાણવા છતાં એને ચુપ રહ્યાં, એ સંતાપ તેને છેક શૂળસૈયા સુધી લઈ જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે પિતામહ ભીષ્મને ઈચ્છામૃત્યુંનું વરદાન હતું, અને તેણે પોતાનો પ્રાણ ટકાવી રાખ્યો હતો. મકરસંક્રાંતિએ જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે ત્યારે જો મૃત્યુને સ્વીકારવામાં આવે તો આ બધા જ સંતાપનો એટલે કે પાપ કર્મનો નાશ થાય એવી આપણે ત્યાં એક પ્રચલિત માન્યતા છે. આપણે વિચારીએ તો આપણને પણ એમ થાય કે સભામાં એ વખતે હાજર રહેલા દરેકની કેવી દર્દનાક ઘડીઓ રહી હશે, પોતાની જ નજર સામે પોતાની પત્નીને નિર્વસ્ત્ર થતી જોવી એ પાંડવો માટે પણ અઘરું હશે! પરંતુ કદાચ એ લોકો તો એને માટે યોગ્ય પણ હતા. કોણ પોતાની પત્નીને દાવ પર મૂકે?ઃ શું એ કોઈ તમારી જાગીર છે? શું એ કોઈ સાધન છે? ખેર છોડો પરંતુ દ્રૌપદીના પિતા સમાન ગુરુદેવ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અને પિતામહ ભીષ્મ,અને સ્વયમ ધૃતરાષ્ટ્ર માટે પણ આ ઘડી આકરી વીતી હશે, એવું માની લઈએ તો એ બધાનો સંતાપ ત્યારે બહારના તાપ કરતા પણ વધી ગયો હશે, અને જીવનભર એણે એવી વ્યથા આપી હશે કે જે અકલ્પનીય છે.

આપણે આ કથાનક પરથી શું બોધ લેવાનો છે, એવો કોઈ પ્રશ્ન થાય તો સ્ત્રી દુશ્મન પક્ષમાંથી હોય, કે પોતાનાં પક્ષમાંથી હોય તેનું માન સન્માન થવું જ જોઈએ, અને તેની સાથે આ રીતનો વ્યવહાર ક્યારે થવો જોઈએ નહીં, નહીં તો કુરુક્ષેત્રનું યુદ્ધ થાય! અને એમાં આપણું કુળ પણ નાશ પામી શકે! પરંતુ આપણે શું બોધ લીધો કે ભગવાન યોગ યોગેશ્વર ત્યારે સ્વયંમ હાજર હતા, અને છતાં તે આ ઘટનાને રોકી ન શક્યાં! ત્યારે પણ આવું થતું હતું, તો આજે આવું થાય એમાં શી નવાઈ! ઈનફેક્ટ આનો મતલબ એવો જ કરી શકાય કે આ બધું તો થતું આવ્યું છે, અને આગળ પણ થશે! દ્રૌપદીની વાત છોડી દઈએ, કારણ કે આપણામાં કદાચ હવે સ્ત્રી સન્માનની અધિકારી છે એવું માનનારા થયા છે, પરંતુ નીતિ ચૂક તો આ સિવાય પણ મહાભારતમાં ઘણીવાર થઈ, અને એનું ગિલ્ટ પણ સંતાપ વધારનારું હતું. આજે પણ આપણે એવું ઘણું કરતા હોઈએ છીએ, કે જેને આપણને ખબર હોય છે કે આવું ન કરવું જોઈએ, આ એક પ્રકારની નીતિ વિરુદ્ધ છે, અને છતાં ચૂપ રહીએ, કોઈવાર મમતાને કારણે, કોઈ વાર મોહને કારણે, તો કોઈ વાર અન્ય લોભ લાલચને કારણે, આવું બધું થતું જ હોય છે, અને આ દરેકના જીવનની સચ્ચાઈ છે,કે તેનું સૂક્ષ્મતમ ચિંતન કરવાથી ખબર પડે. પેલા ઈસુના વાક્ય જેવું છે કે જેણે પાપ ન કર્યું હોય એ પહેલો પથ્થર મારે!

આપણે સૌ જાણીએ છીએ કે ભગવાન યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા દ્રૌપદીના ચીર પુરાયા અને તેની ઈજ્જત બચી ગઈ. પણ પિતામહ ભિષ્મનો સંતાપ એ હતો કે યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા જે થયું એ પોતાના હાથે થવું જોઈતું હતું, અને સેમ ફિલિંગ કૃપાચાર્ય તેમજ, દ્રોણાચાર્યની પણ હશે, કુંતી, ગાંધારી, વગેરે પણ અત્યંત વિચલિત હશે. શૂળસૈયા એ શબ્દને જુદી રીતે જોઈએ, તો આવી કોઈ ઘટના ઘટે અને આપણે ચૂપ રહીએ તો એ આપણી નીંદર ઉડાવી દે છે, અને ત્યારે આપણા હૃદયમાં શૂળ વાગી ગયું હોય, એવી વેદના થાય છે. અથવા તો અંતિમ સમયે તો આ બધી વેદનાઓ ઘેરી વળે છે કે, આટલી મેં ભૂલ કરી! આટલી વાર હું નીતિ ચુકી ગયો! કે ગઈ! આટલી વાર મેં અન્યાય થતો જોયો, છતાં હું મૌન રહ્યો! કોઈની પર અત્યાચાર થતો હતો છતાં મેં એ રોકવાની પણ કોશિશ ન કરી, કે એ વ્યક્તિને બચાવવાની પણ કોશિશ ન કરી, તો આ બધાં શૂળ પર આપણે મૃત્યુ પહેલાં સૂવું પડે છે, અને પિતામહ ભીષ્મની જેમ મૃત્યુની પ્રતીક્ષા આટલી વેદનાઓ સાથે કરવી પડે છે. એમને તો મકરસંક્રાંતિએ મૃત્યુ સ્વીકારી, અને આ બધા જ સંચિત કર્મોમાંથી મુક્તિ મેળવી લીધી. પરંતુ આપણે કંઈ એના જેટલો જીવનમાં મોટો ત્યાગ કર્યો નથી, એટલે આપણા સંચિત કર્મો તો સાથે જ આવવાના છે, અને આવતાં ભવે પણ આપણે આ જ શૂળનો સંતાપ સહન કરવો પડશે, અને જો ન કરવો હોય તો બને તેટલી નીતિઓનું પાલન કરવું, કોઈની સાથે થતાં અન્યાય સમયે ચુપ ન રહેવું, અને તેથી એ વધુ કોઈનો હક મારવો નહીં, કોઈની વસ્તુઓ છીનવી લેવાની ભૂલ કરવી નહીં! બહારનું તાપમાન તો હવે પ્રકૃતિ સાથે થતા ચેડા એટલે કે અત્યંત પ્રદૂષણને કારણે વધતું જ રહેવાનું છે, ત્યારે આપણે આંતરિક સંતાપને ઓછો કરી શકાય એવા કર્મ કરીને આપણું જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# વડોદરામાં આજથી ૧૪ જાન્યુઆરી સુધી સેનાનો ભરતી મેળો

## ૮૩૫૪ યુવાનો અગ્નીવિર આપશે પરીક્ષા



રાજકોટ મિરર, વડોદરા તા.૫વડોદરા શહેરમાં મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના મેદાનમાં આગામી તા. ૬થી તા.૧૪ જાન્યુઆરી સુધી યોજાનારી ભારતીય સેનાની અગ્નિવીર જવાનની ભરતીની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના તમામ જિલ્લામાંથી કુલ ૮૩૫૪ નવલોહિયા યુવાનો ભાગ લેશે. સેનામાં જોડાઈ દેશ સેવા કરવાની પ્રબળ ભાવના ધરાવતા આ યુવાનો સારી રીતે શારીરિક કસોટી આપી શકે એવી તમામ તૈયારી કરવામાં આવી છે.

ભારતીય સેનાના ભરતી વિભાગ દ્વારા વિવિધ જિલ્લાઓના અગ્નિવીરો માટે તારીખ પ્રમાણે શારીરિક કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૬ના રોજ મહેસાણા જિલ્લાના ૭૬૩ ઉમેદવારોની કસોટીથી ભરતી પ્રક્રીયાનો પ્રારંભ થશે. એ બાદ તા. ૭ના રોજ સાબરકાંઠાના ૮૧૧ ઉમેદવારો, તા. ૮ના અમદાવાદના ૮૫૩, તા. ૯ના રોજ વડોદરાના ૧૫૬ અને અરવલ્લી ૭૧૩, તા. ૧૦ના રોજ બનાસકાંઠા જિલ્લાના આઠ તાલુકાના ૮૭૩ અને તે બાદ તા. ૧૧ના રોજ બનાસકાંઠાના છ જિલ્લાના ૫૮૬ અને ગાંધીનગરના ૨૨૮ ઉમેદવારો શારીરિક કસોટી આપશે. એ રીતે જોઇએ તો ગુજરાતમાં સૌથી વધુ બનાસકાંઠા જિલ્લાના ૧૪૫૯ યુવાનો અગ્નિવીર બનવા માટે થનગની રહ્યા છે.

એ જ પ્રકારે તા.૧૨ના રોજ નવસારીના ૫૧, ખેડાના ૩૩૦, પંચમહાલના ૪૫૯ ઉમેદવારો, તા. ૧૩ના રોજ સુરતના ૩૦૬, દાહોદના ૪૫૭, વલસાડના ૩૦ યુવાનો, તા. ૧૪ના મહિસાગર જિલ્લાના ૩૧૧, છોટાઉદેપુરના ૨૦૦, ડાંગના ૧૩, નર્મદાના ૧૪, દાદરાનગર હવેલીના ૮, ભરૂચના ૨૬, તાપીના ૧૩, આણંદના ૧૭૨ ઉમેદવારો અગ્નિવીર ભરતીમાં જોડાશે. તા.૧૫ના રોજ ભારતીય સેના વિવિધ ટેક્નિકલ જગ્યાઓ ઉપર ભરતી પ્રક્રીયા થશે. જેમાં ૯૮૧ ઉમેદવારોએ નોંધણી કરાવી છે. શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થનારા ઉમેદવારોનું તા.૧૬ના રોજ પ્રારંભિક મેડિકલ અને દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. વડોદરામાં તરસાલી સ્થિત રોજગાર કચેરીના સંયોજનમાં અગ્નિવીર ભરતીમાં ભાગ લેવા આવતા યુવાનોને કોઇ મુશ્કેલીનો સામનો ના કરવો પડે એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

# આજથી વધશે ઠંડીનું જોર

## હવામાન વિભાગે વ્યક્ત કરી આગાહી



રાજકોટ મિરર, તા.૫

ગુજરાતમાં છેલ્લા કેટલાય દિવસોથી ઠંડીનું જોર ઘટ્યું છે. રાજયમાં પવનની દિશામાં પરિવર્તન થવાથી રાજ્યમાં ઘણા ભાગોમાં શિયાળાની અસર વિસરાઈ રહી છે. જો કે હવે આગામી દિવસોમાં ઠંડી ફરીથી પોતાનો ચમકારો દેખાડી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં સોમવારથી ઠંડીનું પ્રમાણ વધશે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

નલિયા ૯ ડિગ્રી સાથે ટાઢુંબોળ શહેર

હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ કચ્છ નલિયા ૯ ડિગ્રી તાપમાન સાથે ટાઢુંબોળ શહેર બન્યું છે. જ્યારે વડોદરામાં ૧૩ ડિગ્રી, ડીસામાં ૧૩.૩ ડિગ્રી, ભુજમાં ૧૩.૪ ડિગ્રી, અમદાવાદમાં ૧૪.૧ ડિગ્રી, મહુવામાં ૧૪.૫ ડિગ્રી, પોરબંદરમાં ૧૫ ડિગ્રી, ભાવનગરમાં ૧૫.૨ ડિગ્રી, અમરેલીમાં ૧૫.૫ ડિગ્રી, વલ્લભવિદ્યાનગરમાં ૧૫.૬ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૬ ડિગ્રી, સુરતમાં ૧૬.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. ઉત્તરાયણમાં પવન સારો રહેશે હાલ ઉત્તર ભારતમાં પર્વતીય ક્ષેત્રોમાં હિમવર્ષા તહી રહી છે, જેની અસરના ભાગરૂપે ગુજરાતમાં આગામી દિવસોમાં કડકડતી ઠંડી પડશે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં ઠંડા પવનો ફૂંકાશે તેવી પણ આગાહી કરવામાં આવી છે, આથી ઉત્તરાયણમાં પવન સારો રહેશે. વળી ઠંડીનું પ્રમાણ વધતાં ગાઢ ધુમ્મસ (Fog) છવાયેલો રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે સોમવારથી લઘુતમ તાપમાન ૨ ડિગ્રી ગગડીને ફરી ૧૨ ડિગ્રી થવાની શક્યતા છે.

# ‘વિરાટ-રોહિતે કાઉન્ટી ક્રિકેટ રમવી જોઈએ’: સંજય માંજરેકર






મુંબઇ તા.૫

હાલ ભારતના બે સૌથી વધુ અનુભવી બેટર્સ વિરાટ કોહલી અને રોહિત શર્મા ખરાબ ફોર્મમાંથી પસાર થઇ રહ્યા છે. ટેસ્ટ ક્રિકેટમાં બંને ખેલાડીઓ સતત ફ્લોપ થઈ રહ્યા છે.

ઓસ્ટ્રેલીયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં પણ બને ખાસ પ્રદર્શન ન કરી શક્યા. સિરીઝની પહેલી મેચમાં વિરાટે સદી ફટકારી હતી, જ્યારે રોહિત શર્માનો સિરીઝમાં હાઈઈસ્ટ સ્કોર માત્ર ૧૦ રન હતો. બંને ખેલાડીઓના ચાહકો નિરાશ થયા છે, હવે આ ખરાબ ફોર્મ વચ્ચે રોહિત શર્મા અને વિરાટ કોહલીને કાઉન્ટી ક્રિકેટ રમવાની સલાહ આપવામાં આવી રહી છે.

પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે વિરાટ અને રોહિતને કાઉન્ટી રમવાની સલાહ આપી હતી. એક સ્પોર્ટ્સ ચેનલ સાથે વાત કરતા માંજરેકરે કહ્યું, કોહલી, જ્યારે તેની ઈમ્પેક્ટ અને તેની તાકાત સાથે, જ્યારે પણ મેદાનની અંદર આવે છે, ત્યારે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપે છે.

હાલ તે પોતાનો બધો જ આત્મવિશ્વાસ ગુમાવી રહ્યો છે.તેની ફિટનેસ સારી છે, પરંતુ દેખીતી રીતે એક ટેકનીક સમસ્યા છે અને હવે આત્મવિશ્વાસની સમસ્યા છે.

સંજય માંજરેકરે વધુમાં કહ્યું કે, ઈંગ્લેન્ડમાં આગામી સિરીઝ વિરાટ કોહલી માટે આસાન નહીં હોય, ત્યાં પણ ઓફ સ્ટમ્પની બહાર બોલ સ્વિંગ થશે. પરંતુ જો રોહિત અને વિરાટ બંને આ સિરીઝ રમાવા ઈરાદો ધરાવે છે અને પસંદગીકારો ઈચ્છે, તો આ બંનેએ કાઉન્ટી ક્રિકેટ રમવી જોઈએ. તેઓ આ મોટો નિર્ણય લેવા છે કે કેમ? નિવૃત્તિ લેવી એ તેમનો અંગત વિષય છે.

જો કે એક વાત સ્પષ્ટ છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલી માટે IPLને ધ્યાનમાં રાખીને કાઉન્ટી ક્રિકેટ રમવું શક્ય બનશે નહીં. કાઉન્ટી ક્રિકેટ ૦૭ એપ્રિલ, ૨૦૨૫થી શરૂ થશે. જ્યારે ઈંડ઼્ક ૧૪ માર્ચથી ૨૫ મે સુધી રમાશે.

# ઘરેથી ન્યુ યર પાર્ટી કરવા નીકળેલા ચાર યુવકોની સેપ્ટિક ટાંકીમાંથી મળી લાશ!

## MPના સિંગરોલી જીલ્લામાં સનસનાટી ભરેલી ઘટનાથી ચકચાર



ભોપાલ, તા.૫

મધ્ય પ્રદેશના સિંગરોલી જિલ્લામાં એક સનસનાટી ફેલાવી તેવી ઘટના બની છે. અહી એક સેપ્ટિક ટાંકીમાંથી ચાર યુવકોના મૃતદેહ મળી આવ્યા છે. ઘટનાની જાણ થતાંની સાથે જ પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. આ ઘટનાની તપાસ રીવા રેન્જના ડીઆઈજી સાકેત પાંડેએ સંભાળી છે. હાલ પોલીસે સેપ્ટિક ટાંકીમાંથી મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે.

સેપ્ટિક ટાંકીમાંથી મળ્યા ચાર લોકોના મૃતદેહ સમગ્ર ઘટના સિંગરૌલી જિલ્લાની બની હતી. શનિવારે હિન્ડાલ્કો પ્લાન્ટના ગેટ નંબર ૩ પાસે એક ઘરની પાછળ બનેલી સેપ્ટિક ટાંકીમાંથી દુર્ગંધ આવી રહી હતી. તે અંગે સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી. જ્યારે પોલીસે સ્થળ પર પહોંચીને સેપ્ટિક ટાંકી ખોલી તો અંદર ચાર લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસે જેસીબીની મદદથી લાશને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી.

હરિપ્રસાદ પ્રજાપતિના ઘરની પાછળ સેપ્ટિક ટાંકીમાંથી ચાર યુવકોના મૃતદેહો મળી આવ્યા છે. ચાર મૃતક પૈકીનો એક સુરેશ હરિપ્રસાદ પ્રજાપતિનો પુત્ર છે. અન્ય એક યુવકનું નામ કરણ છે, જ્યારે બાકીના ૨ તેના મિત્રો છે. જણાવવામાં આવી રહ્યું છે કે ૧ જાન્યુઆરીએ સુરેશ ક્યાંક ફરવા જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો. ત્યારબાદ શનિવારે તેની લાશ સેપ્ટિક ટાંકીમાંથી મળી આવી હતી. પરિવારજનોએ હત્યાની આશંકા વ્યક્ત કરી છે.

# PM મોદીએ નમો ભારત કોરિડોરનું કર્યું ઉદ્દઘાટન



## વડાપ્રધાને બાળકો સાથે ટ્રેનમાં મુસાફરી પણ કરી

નવી દિલ્હી, તા.૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે નમો ભારત ટ્રેનના સાહિબાબાદ-ન્યૂ અશોક નગરના ૧૩ કિલોમીટર લાંબા સેક્શનનું ઉદ્દઘાટન કર્યું હતું. હવે આ ૧૩ કિલોમીટરના સેક્શનના ઉમેરા સાથે દિલ્હી અને મેરઠ વચ્ચેની મુસાફરી વધુ ઝડપી અને સરળ બની જશે.

ઉદ્દઘાટન દરમિયાન પીએમ મોદીને નમો ભારત ટ્રેનનું મોડલ પણ બતાવવામાં આવ્યું હતું. RRTS ના દિલ્હી વિભાગના ઉદ્દઘાટન સાથે જ દિલ્હીને તેનો પહેલો નમો ભારત કોરિડોર મળ્યો છે. રવિવારે સાંજે ૫ વાગ્યાથી આ સેક્શન પર મુસાફરો માટે કામગીરી શરૂ કરવામાં આવશે.

મુસાફરો ન્યૂ અશોક નગર (દિલ્હી) અને મેરઠ દક્ષિણ (યુપી) વચ્ચેનું ૫૫ કિમીનું અંતર માત્ર ૪૦ મિનિટમાં પૂર્ણ કરી શકશે.

ખાસ વાત તો એ હતી કે વડાપ્રધાને સાહિબાબાદ સ્ટેશનથી ન્યૂ અશોક નગર સ્ટેશન સુધી નમો ભારત ટ્રેનમાં મુસાફરી પણ કરી હતી.

આ પ્રવાસ દરમિયાન વડાપ્રધાને બાળકો અને લોકો સાથે મુલાકાત કરી હતી અને વાતચીત પણ કરી હતી.

દરમિયાન બાળકોએ તેમને એક પેઈન્ટિંગ ભેટમાં આપી હતી. એક છોકરીએ પીએમ મોદીને હિન્દીમાં કવિતા સંભળાવી. દેશના વડાપ્રધાનને મળવાનો અને જોવાનો આનંદ બાળકોના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો.

# ATM, ડેબીટ કાર્ડ પરનો CVV નંબર ભૂંસી નાખવા RBIની તાકીદ

## RBIએ કહ્યું કે, કાર્ડ પરથી આ નંબર હટાવી ખાનગીમાં રાખો સલામત



નવી દિલ્હી, તા.૫

આજનો જમાનો ડિજિટલ ઈન્ડિયાનો છે અને એની સાથે સાથે જ સાઈબર ફ્રોડના કિસ્સાઓ પણ વધી રહ્યા છે.

સાઈબર ફ્રોડના કિસ્સાઓમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. તમારી એક ભૂલ અને તમારું બેંક એકાઉન્ટ ખાલી થઈ શકે છે.

આવી પરિસ્થિતિમાં તમારે તમારી બેંક એકાઉન્ટ સાથે કનેક્ટેડ દરેક બાબતને લઈને ખૂબ જ સાવધાની રાખવી જરૂરી છે. આ ઉપરાંત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ એટીએમ કાર્ડ પરથી નંબર દૂર કરવાની ભલામણ કરી છે. આવો જોઈએ કયો છે આ નંબર.

આજના સમયમાં સાઈબર ક્રાઈમની સંખ્યામાં એટલો વધારો થઈ ગયો છે કે તમારી એક ભૂલથી એકાઉન્ટ ખાલી થઈ જશે. એટીએમ કાર્ડ્સ અને ક્રેડિટ કાર્ડ્સની બાબતમાં તો ખાસ સાવધાની રાખવી જોઈએ, કારણ કે આ કાર્ડ્સ સીધા બેંક એકાઉન્ટ સાથે લિંક હોય છે અને એને લઈને કરેલી એક ભૂલ તમારા ખિસ્સા માટે ભારે પડી શકે છે. આરબીઆઈ દ્વારા પણ કાર્ડ પર લખેલાં ખાસ નંબરને ભૂંસી નાખવાની કે છુપાવવાની અપીલ કરી છે.

આરબીઆઈ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર એટીએમ કે ક્રેડિટ કાર્ડ પર ૩ ડિજિટનો સીવીવી (CVV) નંબર હોય છે. આ નંબરને કાર્ડ વેરિફિકેશન વેલ્યુ તરીકે પણ ઓળખવામાં આવે છે. તમે કોઈ પણ જગ્યાએ પેમેન્ટ કરો છો તો આ નંબર ખૂબ જ જરૂરી છે. આ નંબર વિના તમારું કાર્ડ વેરિફાઈ થાય છે.

આવી સ્થિતિમાં જ્યારે તમારો સીવીવી નંબર કોઈ ફ્રોડના હાથમાં જતો રહે તો તમારું બેંક એકાઉન્ટ ખાલી થઈ જાય છે.

આ જ કારણ છે કે આરબીઆઈએ આપેલી ચેતવણીમાં એવું પણ જણાવ્યું હતું કે તમારા કાર્ડ પર લખેલા સીવીવી નંબરને છુપાવીને રાખવું જોઈએ કે શક્ય હોય તે કોઈ જગ્યાએ લખીને તેને કાર્ડ પરથી ભૂંસી નાખો. જેથી જો ક્યારેક તમારું કાર્ડ ખોવાઈ જાય કે તો ખોટા હાથમાં જતું રહેશે તો તેનો ઉપયોગ કરીને બેંક એકાઉન્ટ ખાલી ના કરી શકે.

# નાસર પઠાણ નામથી કુંભ મેળાને બોમ્બ ઉડાવી દેવાની ધમકી આપનાર આયુષ જયસ્વાલ પકડાયો

## UP પોલીસે ભવાનીપુરના શહીદગંજથી દબોચી લીધો



નવી દિલ્હી, તા.૫

સનાતન ધર્મમાં જેનું અનેરું મહત્વ છે તેવા મહાકુંભને હવે બસ ગણતરીના જ દિવસો બાકી છે. ત્યારે મહાકુંભની સુરક્ષાને લઈને પણ સુરક્ષા એજન્સીઓ સતર્ક છે. આ દરમિયાન મહાકુંભ મેળાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. જો કે પોલીસે ધમકી આપનારા યુવકની બિહારથી ધરપકડ કરી લીધી છે. આ યુવકની ઓળખ આયુષ કુમાર જયસ્વાલ તરીકે થઈ છે.

બિહારથી ધરપકડ ધમકી આપનાર યુવકની ધરપકડની પુષ્ટિ પોલીસ દ્વારા કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશ પોલીસે આરોપી આયુષ જયસ્વાલની ભવાનીપુરના શહીદગંજથી ધરપકડ કરી છે. તેણે નાસર પઠાણ નામથી કુંભ મેળાને બોમ્બ ઉડાવી દેવાની ધમકી હોવાનો આરોપ છે. પોલીસ આ મામલે હજુ પણ તમામ મુદ્દાઓની તપાસ કરી રહી છે અને તપાસ બાદ જ સાચું તારણ સામે આવશે.

૩૧ ડિસેમ્બરે આપી હતી ધમકી ઉત્તર પ્રદેશ પોલીસના જણાવ્યા અનુસાર ૩૧ ડિસેમ્બરે સોશિયલ મીડિયા પર નાસિર પઠાણ નામથી મહા કુંભ મેળામાં બોમ્બ બ્લાસ્ટ કરીને મેળાને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રયાગરાજ પોલીસે ધમકી આપનાર યુવક વિરુદ્ધ અલગ-અલગ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

પ્રયાગરાજથી આવેલી પોલીસ ટીમના અધિકારીઓએ ભવાનીપુર પોલીસની મદદથી શનિવારે શહીદગંજમાં દરોડો પાડ્યો અને આરોપીની ધરપકડ કરી અને તેને પોતાની સાથે ઉત્તર પ્રદેશ લઈ ગયા.

# વિજય હઝારે ટ્રોફીઃ મુંબઈનો સૌરાષ્ટ્ર સામે ૫ વિકેટે વિજય

૭ વર્ષનો ટીનેજ ઓપનર આયુષ મ્હાત્રે (૧૪૮ રન, ૯૩ બોલ, નવ સિક્સર, તેર ફોર) ફરી એકવાર મુંબઈનો મેચ-વિનર બન્યો હતો. તેની અને સાથી-ઓપનર જય બિશ્ટા (૪૫ રન, ૪૬ બોલ, ચાર ફોર) વચ્ચે ૧૪૧ રનની મજબૂત ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી અને એને આધારે જ મુંબઈએ ૨૪ બોલ બાકી રાખીને ૨૯૦ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. મુંબઈનો કેપ્ટન શ્રેયસ ઐયર ૧૩ રને અને અથર્વ અંકોલેકર ૧૬ રને અણનમ રહ્યો હતો.

અન્ય એક મહત્ત્વની મેચમાં ગુજરાતે (૨૫૨/૧૦) જયપુરમાં ઓડિશા (૧૫૨/૧૦)ને ૧૦૦ રનથી હરાવીને ક્વોર્ટર ફાઈનલમાં સીધો પ્રવેશ કર્યો હતો. ગુજરાત વતી રવિ બિશ્નોઈએ ચાર તથા ચિંતન ગજાએ ત્રણ વિકેટ લીધી હતી. હૈદરાબાદમાં દિલ્હી (૧૮૦/૧૦)ને બરોડા (૧૮૧/૫)એ પાંચ વિકેટે હરાવીને ક્વોર્ટરમાં સીધી એન્ટ્રી કરી લીધી હતી. મહારાષ્ટ્ર, કર્ણાટક, વિદર્ભની ટીમે પણ ક્વોર્ટરમાં સીધો પ્રવેશ મેળવી લીધો છે.

# વેરાવળમાં ૧૯૬ ગુનાઓમાં સંડોવાયેલી કુખ્યાત ગેંગ સામે ગુજસીટોકનો ગુન્હો

## LCB એ ૧૪ આરોપીને દબોચ્યાં: ખંડણી, લૂંટ, મારામારી સહિતના ગુના સામેલ: જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા દ્વારા ગેંગ પર મોટી કાર્યવાહી કરવામાં આવતા સ્થાનિક લોકોએ લીધો રાહતનો શ્વાસ






રાજકોટ મિરર, તા.૫

ગીર સોમનાથ પોલીસ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. વાંદરી ગેંગ તરીકે ઓળખાતી ગેંગના ૧૪ જેટલા શખ્સો સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી એલસીબીએ ધરપકડ કરી છે. આ ગેંગ સામે હત્યા પ્રયાસ, રાયોટીંગ, મારામારી, લૂંટ, ફરજ રૂકાવટ, દારુ, જુગાર સહિતના ૧૯૬ જેટલા નોંધાયેલા છે. ત્યારે જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા દ્વારા આ ગેંગ પર મોટી કાર્યવાહી કરવામાં આવતા સ્થાનિક લોકોએ પણ ક્યાંક રાહતનો શ્વાસ લીધો હતો.

આ અંગે પત્રકાર પરિષદમાં માહિતી આપતાં ગીર સોમનાથ જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વાંદરી ગેંગના સાગરીતોએ છેલ્લા દસ વર્ષ દરમિયાન પ્રાણઘાતક હથિયારો સાથે રાયોટીંગ, મારામારી, જાનમાલ મિલકત સબંધીમાં લૂંટ, પશુ તસ્કરી, ગૌવંશ હત્યા, પ્રોહીબીશન, હથિયાર ધારા, સરકારી અધિકારી/કર્મચારીઓની ફરજ રૂકાવટ, ખંડણી, હદપારી ભંગ, સ્ત્રી અત્યાચારના, મોબાઇલ




ફોન ઉપર ધાકધમકી આપવાના કુલ-૧૯૬ ગુના આચારેલા છે. આ ગુનાઓમાંથી ટોળકીના ગેંગલીડરો તથા સાગરીતોએ એકબીજા સાથે મળીને સમાન ઈરાદો પાર પાડવા ગુના આચરેલા હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ વધુમાં જણાવ્યું હતું કે વેરાવળ સોમનાથ શહેર પંથક અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા ઘણા વર્ષોથી વસીમ ઉર્ફે ભુરો ઉર્ફે બાબા ગુલાબશા શાહમદાર અને શરીફ ઉર્ફે ભુરો ઉર્ફે માયો ઇકબાલ ચિનાઇ પટણીએ સાગરીતો સાથે મળીને ગુનાઓ આચરવા માટે વાંદરી ગેંગ નામની ટોળકી બનાવીને અનેક પ્રકારના ગુનાઓ આચરીને ભયનું વાતાવરણ ફેલાવ્યું હતું. આ ગેરકાયદેસર ગતિવિધિઓ વાંદરી ગેંગ માટે આજીવિકાનું સાધન બની ગઇ હોવાથી ટોળકીના સાગરીતો વિરૂદ્ધ કડક કાર્યવાહી કરી અટકાવવાની પરિસ્થિતિ ઉદભવી હતી. જેથી આ ગેંગના લીડર વસીમ ઉર્ફે ભુરો અને શરીફ ઉર્ફે ભુરો ઉર્ફે માયો સહિત કુલ ૧૪ સાગરીત વિરૂદ્ધ ગુજસીટોકનો ગુનો દાખલ કર્યો છે.

આ ગેંગના લીડર સહિત તમામ ૧૪ સાગરીતને એલસીબી પીઆઈ એ.બી. જાડેજાના નેતૃત્વમાં પીએસઆઈ એ.સી. સિંધવ, એ.એસ.આઇ. પીઠરામભાઈ જેઠવા, રામદેવસિંહ જાડેજા, નરવણસિંહ ગોહીલ, ગોવિંદભાઈ વંશ, નરેન્દ્રભાઈ કછોટ, લાલજીભાઈ બાંભણિયા, શૈલેષભાઈ ડોડીયા, સુભાષભાઈ ચાવડા, ભૂપેન્દ્રસિંહ ચાવડા અને હેડ કોન્સ્ટેબલ નટુભા બસીયા, નરેન્દ્રભાઈ પટાટ, લલિતભાઈ ચુડાસમા, પ્રવીણભાઈ મોરી, રાજુભાઈ ગઢવી, ગોવિંદસિંહ વાળા, દેવિબેન રામ તેમજ કોસ્ટેબલ પ્રવીણભાઈ બાંભણિયા, રાહુલભાઈ છેલાણા, વિજયભાઈ ચૌહાણ, એસ. ઓ. જી.ના એએસઆઈ દેવદાનભાઈ કુંભારવડીયા, નારણભાઈ ચાવડા, નિલેશગીરી નિમાવત તેમજ કનુભાઈ ચુડાસમા અને રાજુ પરમાર સહિતના સ્ટાફની જુદી જુદી ટીમો બનાવીને ટેકનીકલ સર્વેલન્સની મદદથી ઝડપી લેવામાં આવ્યા છે.

### ગેંગના સાગરીતો અને તેની સામે નોંધાયેલા ગુનાઓ

(૧) વસીમ ઉર્ફે ભુરો ઉર્ફે બાબા ગુલાબશા શાહમદાર (સામે ૨૬ ગુના, ઉ.વ.૩૨, રહે. વેરાવળ, સોમનાથ ટોકીઝ વિસ્તાર, બાગે રહેમત કોલોની, )

(૨)શરીફ ઉર્ફે ભુરો ઉર્ફે માયો ઇકબાલ ચિનાઇ

( સામે ૨૮ ગુના, ઉ.વ.૨૫, રહે. વેરાવળ, ભાલકા કોલોની, ટીવી સ્ટેશન રોડ, રેયોન ક્વાર્ટર નં- ૫૦)

(૩)જીબ્રાન આમદ પંજા ( ૨૪ ગુના, ઉ.વ.૨૪, રહે.વેરાવળ, બારકોટ, મતવાશેરી)

(૪)મોહસીન ઉર્ફે જાડો મુસ્તાક કાજી (સામે ૮ ગુના, ઉ.વ.૪૦, રહે. વેરાવળ, ભાલકા કોલોની, ટીવી સ્ટેશન રોડ, રેયોન ક્વાર્ટર)

(૫)મુન્તહા ઉર્ફે અલીયો અલી પંજા (સામે ૮ ગુના, ઉ.વ.૨૩, રહે. વેરાવળ સોમનાથ, ટોકીઝ વિસ્તાર, દિવાનીયા કોલોની)

(૬) અફઝલ ઉર્ફે ચીપો સત્તાર પંજા (સામે ૧૫ ગુના, ઉ.વ.૩૦, રહે. પ્રભાસ પાટણ, શાઇન કોલોની, ગુજરાત બેકરી પાસે)

(૭) સુફીયાન ઉર્ફે આમીર આરીફ મલેક (સામે ૧૪ ગુના, ઉ.વ.૨૩, રહે. વેરાવળ, બાગે રહેમત કોલોની)

(૮) રફીક ઉર્ફે ટમેટો સતાર ચૌહાણ (સામે ૧૩ ગુના, ઉ.વ.૨૫, રહે.વેરાવળ, સોમનાથ ટોકીઝ વિસ્તાર,ગોદરશા કોલોની)

(૯) સોયબ ઉર્ફે ભાયાત હુસેન મુગલ ( સામે ૧૫ ગુના, ઉ.વ.૩૨, રહે. વેરાવળ સોમનાથ, ટોકીઝ વિસ્તાર, મદિના પાર્ક)

(૧૦) શાહીલ ઉર્ફે મીર યુસુફ જેઠવા ( સામે ૧૦ ગુના, ઉ.વ.૩૦, રહે. વેરાવળ,પટેલવાડા)

(૧૧) યાસીન ઇબ્રાહીમ જલાલી (સામે ૧૨ ગુના, ઉ.વ.૩૦, રહે. કોડીનાર, જીનપ્લોટ, આનંદ શેરી)

(૧૨) યાકુબ ઉર્ફે વાંદરી ઉર્ફે કારા મહમદ તાજવાણી તુરક (સામે ૧૧ ગુના, ઉ.વ.૩૨, રહે. વેરાવળ સોમનાથ ટોકીઝ વિસ્તાર)

(૧૩) અયુબ મહમદ તાજવાણી ( સામે ૪ ગુના, ઉ. વ.૩૪, રહે. વેરાવળ સોમનાથ ટોકીઝ વિસ્તાર)

(૧૪) જાવીદ ઉર્ફે વાંદરી મહમદ તાજવાણી (સામે ૮ ગુના, ઉ .વ.૪૨, રહે. વેરાવળ સોમનાથ, ટોકીઝ વિસ્તાર)

# આર્થિક ભીંસથી કંટાળી પરેશ સોલંકીનો આપઘાત

## રૈયાધાર વિસ્તારનો બનાવ: મૃતક યુવકના હજુ આઠ માસ પહેલા જ થયા હતા લગ્ન: કલ્પાંત છવાયો

રાજકોટ મિરર, તા.૫

આર્થિક ભીંસથી કંટાળી ૩૬ વર્ષિય યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. મૃતક યુવક રૈયાધાર વિસ્તારમાં રહેતો હતો. હજુ આઠ માસ પહેલા જ યુવકનાં લગ્ન થયા હતાં. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. આપઘાતનું ચોકકસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



બનાવની પ્રાપ્ત વિગતો મુજબ રૈયાધારમાં રંભામાની વાડી પાસે રહેતાં પરેશભાઈ કાળુભાઈ સોલંકી (ઉ.વ.૩૬) નામનાં યુવકે ગઈ કાલ સવારે સાડા દસ વાગ્યાની આસપાસ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ તેના પરિવારને થતાં તુરંત ૧૦૮ ને જાણ કરી હતી. ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે પહોંચી યુવકને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. આપઘાત કરનાર મૃતક યુવક કલરકામ કરતો હતો. અને હજુ ૮ માસ પહેલા જ તેના લગ્ન થયાં હતાં. ગઈ કાલ સવારે યુવકના પત્ની ઘરની બહાર હતાં. અને ઘર અંદર કોઈ ન હોય ત્યારે યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. તેની પત્ની ઘરની અંદર જતાં જોયું તો તેનો પતિ લટકેલી હાલતમાં હતો. આ જોઈ તેણી સ્તબ્ધ થઈ ગઈ અને દેકારો કરતાં આજુબાજુના લોકો ભેગા થઈ ગયા હતા. બાદ પરિવારજને તુરંત ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ટીમ બનાવ સ્થળે પહોંચી યુવકને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસને જાણ થતાં તુરંત પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. અને જરૂરી કાગળો કરી યુવકનાં મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અને યુવકે ક્યાં કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મૃતક યુવક ત્રણભાઈ અને એક બહેનમાં નાનો હતો. અને કલરકામ કરી ગુજરાન ચલાવતો હતો. હજુ આઠ માસ પહેલા જ યુવકના લગ્ન થયા હતાં. આર્થિક ભીંસથી કંટાળી આપઘાત કર્યો હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.

# ભારે કરી: મહિલા કરતી'તી પુરુષને ચેનચાળા

## લાખાજી રાજ રોડ બાપુના બાવલા પાસે પુરુષને બીભત્સ ચેનચાળા કરતી મહિલા સામે એ ડિવિઝનમાં ફરિયાદ

રાજકોટ તા.૫

સાંપ્રત સમયમાં અત્યાર સુધી કોઈ યુવાન કે પુરુષ દ્વારા મહિલાઓની છેડતી થતી હોવાનું અખબારોમાં વાંચતા આવ્યા છીએ. પરંતુ આજે રાજકોટમાં એક ઉલટી ગંગા જેવો બનાવ પ્રકાશમાં આવ્યો છે. જેમાં શહેરના લાખાજી રોડ પર બાપુના બાવલા નજીક ઊભેલી એક મહિલા બીભત્સ ચેનચાળા કરી પુરુષને કનડગત કરતી હોવાની ફરિયાદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાતા અને આ બનાવમાં ખુદ મહિલા કોન્સ્ટેબલ ફરિયાદી બનતા પોલીસ પણ અચરજમાં પડી ગઈ છે.

એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન લાખાજીરાજ રોડ પર બાપુના બાવાલાની પાસે હોટલ રાધીકા પેલેસ નીચે એક મહિલા આવતા જતા પુરુષોને ખરાબ કામ કરવા બિભસ્ત ઈશારા કરતી હોવાનું જણાતા પોલીસે તેનું નામ પૂછતાં મરીયમપીર મોહમદ પંસારા (ઉ.વ.-૩૮, રહે.ચુનારાવાડ ચોક ગોપાલ પેટ્રોલપંપની બાજુની શેરી ભાવનગર હાઈવે રાજકોટ) હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# MBBSની છાત્રાનો આપઘાતનો પ્રયાસ

## જામનગર રોડ પર આવેલ PG હોસ્ટેલમાં ગળાફાંસો ખાધો: સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ

રાજકોટ મિરર, તા.૫

**MBBS** ની વિદ્યાર્થીનીએ પીજી હોસ્ટેલમાં ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી જવા પામી છે. હાલ તેણી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

તેણી રાજકોટની **AIIMS** હોસ્પિટલમાં મેડિકલ કોલેજમાં એમબીબીએસમાં અભ્યાસ કરે છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મૂળ છત્તીસગઢની અને હાલ રાજકોટની **AIIMS** હોસ્પિટલમાં મેડિકલ કોલેજમાં એમબીબીએસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા તેણીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. તેણી ગઈ કાલે બપોરે પોતાની પીજી હોસ્ટેલમાં હતી ત્યારે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો.

જોકે, તેની જાણ તબીબી છાત્રો સહિતનાને થતા તેને તાકીદે સારવારમાં ખસેડવામાં આવી હતી. આ છાત્રાએ કોઈ અંગતકારણોસર આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું. તેણી હાલમાં રાજકોટ **AIIMS**માં **MBBS**ના ચોથા વર્ષમાં અભ્યાસ કરે છે. અને જામનગર રોડ ઉપરની પીજી હોસ્ટેલમાં રહે છે.

બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# CMOનો નકલી અધિકારી ઝડપાયો

## આરોપી નિતેશ ચૌધરી ૨૦ વર્ષથી મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરજ બજાવતો હોવાનું જુઠ્ઠાણું ફેલાવતો: નવસારીના નાયબ કલેક્ટર સાથેની વાતચીતમાં પકડાઈ ગયો



રાજકોટ મિરર, તા.૫

ગુજરાતમાં નકલી સરકારી કચેરી, નકલી વકીલ, નકલી ટોલનાકું,નકલી પોલીસ, નકલી શિક્ષક, નકલી ડોક્ટર પકડાયા બાદ હવે ઈખઘ નો નકલી અધિકારી ઝડપાયો છે. ઈખઘનો નકલી અધિકારી ૨૦ વર્ષથી મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરજ બજાવતો હોવાનું જુઠ્ઠાણું ફેલાવી લોકો સાથે ઠગાઈ કરતો હતો.

ઈખઘનો નકલી અધિકારી નિતેશ ચૌધરી સુરત જિલ્લાના બારડોલી તાલુકાના મઢી ગામનો વતની છે. નિતેશ ચૌધરીએ પોતે ઈખઘના અધિકારીની ઓળખ આપીને નવસારીના નાયબ કલેક્ટર સાથે ૨૩-૧૦-૨૦૨૪થી ૦૨-૦૧-૨૦૨૫ સુધી ટેલિફોનિક વાતચીત કરી હતી. અને જુદા જુદા કામો આપ્યા હતા. અથવા કામોની પ્રગતિની માહિતી માંગી હતી. જો કે નવસારીના નાયબ કલેક્ટર ઠાકોરે તપાસ કરતા મુખ્યમંત્રી કાર્યાલયમાં આવો કોઈ અધિકારી ન હોવાનું સામે આવ્યું હતું. આથી તેમણે ઈખઘના નકલી અધિકારી નિતેશ ચૌધરી વિરુદ્ધ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે નિતેશ ચૌધરીની ધરપકડ કરી છે.૦૨-૦૧-૨૦૨૫ ના રોજ નવસારીના નાયબ કલેક્ટર ઠાકોરે આરોપીને ટેલિફોનીક વાતચીત કરીને તેની સેવા વિષયક બાબતોની જાણકારી મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં તે પકડાઈ ગયો હતો. વાતચીતમાં નિતેશ ચૌધરીએ જણાવ્યું હતું કે તેની મુખ્ય કામગીરી મુખ્યમંત્રીની મુલાકાતો મેનેજ કરવાનું છે. પોતે જર્નાલિઝમનો અભ્યાસ કર્યો હોવાનું અને ગુજરાત જાહેર સેવા આયોગની પરિક્ષા પાસ કરી સીધો મુખ્યમંત્રી કાર્યાલયમાં જ નિયુક્ત થયો હોવાનું અને તેને નોકરીના ૨૦ વર્ષ થયાં હોવાનું જણાવ્યું હતું. જે વાતચીતમાં શંકા જતાં નાયબ કલેક્ટરે તપાસ કરતાં આવો કોઈ અધિકારી ન હોવાનું જાણવા મળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસના સંકજામાં આવી ગયેલા ઈખઘ ના નકલી અધિકારી નિતેશ ચૌધરીએ અગાઉ રૂપિયા ૪૦ લાખનો તોડ કર્યો હોવાની પોલીસને વિગતો મળી છે.તે બાબતે પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# માતાના ઠપકાથી પુત્રએ જિંદગી લટકાવી

## ભાંડરડા ઝગડતા હોય માતાએ ઠપકો આપતાં સૌથી મોટા પુત્ર કાના ડામોરને હાડોહાડ લાગી આવતાં ગળાફાંસો ખાધો



રાજકોટ મિરર, તા.૫

વર્તમાન કળયુગમાં હવે કોઈને સહનશીલતા રહી નથી. નાની અમથી વાતમાં પણ આત્મઘાતી પગલા ભરતા થઈ ગયા છે. આ વાતની સાબિત કરતી ઘટના રાજકોટના પાડાસણ ગામમાં બની જતા મૃતકનાં પરિવારજનોમાં અરેરાટી પ્રસરી છે. માતાએ ઠપકો આપતા ૧૨ વર્ષિય પુત્રએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટના પાડાસણ ગામમાં વડાળી રોડ વાડી વિસ્તારમાં રહેતા અને ખેત મજુરી કરતાં પુનાભાઈ ડામોરના ૧૨ વર્ષના પુત્ર કાનાએ ગઈ કાલ બપોરે ઓરડીમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેની જાણ પરિવારને થતાં તુરંત ૧૦૮ ને જાણ કરી હતી. ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે પહોંચી તરૂણને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસને જાણ થતાં તુરંત પોલીસ દોડી ગઈ હતી. અને જરૂરી કાગળો કરી આપઘાત અંગે તપાસ હાથ ધરી હતી. જે તપાસમાં મૃતક તરુણના પરિવારજનો મૂળ ઉત્તર પ્રદેશના વતની છે. અને પાડાસણ ગામમાં ખેતમજુરી કરી ગુજરાન ચલાવે છે. મૃતક તરુણ ત્રણ ભાઈ અને ત્રણ બહેનમાં મોટો હતો. તરુણ તેની નાની બહેન સાથે ઝઘડતો હોય જેથી ન ઝઘડવા તેની માતાએ પુત્રને ઠપકો આપ્યો હતો. જેનું લાગી આવતાં તરુણે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધાનું પોલીસે જણાવ્યું હતું.

### અવસાન નોંધ

**જસદણ :** ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ હેમાંગભાઈ વ્યાસ (ઉ.વ.૪૨) તે સ્વઃ રમેશચંદ્ર ડી વ્યાસ (નિવૃત એસ ટી અધિકારી) જયોતિબેન આર વ્યાસ (નિવૃત શિક્ષક કેવીએમ, જસદણના પુત્ર, હેતલબેનના પતિ, પુર્વીબેન ભાવેશભાઈ રાવલના નાનાભાઈ, ઈન્દુભાઈ બાલુભાઈ જોશી (અમરેલી)ના જમાઈનું તા.૪નારોજ અવસાન થયું છે. ઉઠમણું તા. ૬ ને સોમવારે, સાંજે ૪થી ૫, આટકોટ રોડ, એસ.ટી. ડેપો નજીક, ગાયત્રી મંદિર જસદણ ખાતે રાખેલ છે.

દરિયાઈ ખેડુઓ માટે સારા સમાચાર

# ભારત-બાંગ્લાદેશના ૧૮૫ માછીમારોને કરાયા પરસ્પર મુક્ત



નવી દિલ્હી, તા.૫

ભારત અને બાંગ્લાદેશી કોસ્ટ ગાર્ડ ફોર્સ સાથે બંને દેશોના માછીમારોનું આદાનપ્રદાન પૂર્ણ થયું હતું. જેમાં બાંગ્લાદેશી માછીમારોને તેમના દેશને સોંપવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨ માછીમારોને ડૂબી ગયેલા જહાજ કૌશિકમાંથી બચાવી લેવાયા હતા. ભારતીય કોસ્ટ ગાર્ડના ઈંઈ઼ જહાજો વરદ અને અમૃત કૌરે આ ઓપરેશન પાર પાડ્યું હતું. ભારતીય માછીમારોને પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં રાજ્યના મત્સ્ય વિભાગના અધિકારીઓને સોંપવામાં આવશે.

થોડા મહિના દરમિયાન કેટલાય ભારતીય માછીમારો અજાણતામાં ઈન્ટરનેશનલ મેરીટાઇમ બાઉન્ડ્રી લાઈન (ઈખઈક) ઓળંગીને બાંગ્લાદેશી જળસીમામાં પ્રવેશ્યા છે, જેના કારણે તેમની ધરપકડ કરવામાં આવી છે. એ જ રીતે ભારતીય જળસીમામાં પ્રવેશ્યા બાદ કેટલાંક બાંગ્લાદેશી માછીમારોની પણ અટકાયત કરવામાં આવી હતી. શનિવારે સવારે ૧૨ બાંગ્લાદેશી માછીમારોને હલ્દિયા લઈ લાવવામાં આવ્યા હતા. તો પરાદ્વીપમાંથી ઝડપી લેવામાં આવેલા ૭૮ એમ કુલ ૯૦ માછીમારોને સુપરત કરાયા હતા. તો બીજી તરફ ઢાકા બાંગ્લાદેશમાં અટકાયતમાં લેવાયેલા ભારતીય માછીમારોને આ દેશના કોસ્ટ ગાર્ડને સોંપાયા હતા. બંધક બનાવવામાં આવેલા મોટાભાગના ભારતીય માછીમારો દક્ષિણ ૨૪ પરગણાના કાકદ્વીપ અને નામખાનાના રહેવાસી છે.

આ ઓપરેશનની ખાસ ઘટના બાંગ્લાદેશ કોસ્ટ ગાર્ડ દ્વારા ડૂબી ગયેલા જહાજ કૌશિકમાંથી ૧૨ માછીમારોને બચાવવાની હતી. આ ઓપરેશન ભારતીય કોસ્ટ ગાર્ડની તેના ચાર્ટર વાયમ રક્ષમ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. માછીમારોનું તેમના પરિવારો સાથે સુરક્ષિત પુનઃમિલન અને માનવતાવાદી અભિગમને સર્વોપરી રાખવા એ કોસ્ટ ગાર્ડના મુખ્ય સિદ્ધાંતોનો એક ભાગ છે. આ પગલું બંને દેશો વચ્ચેના સૌહાર્દપૂર્ણ સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# ધનલક્ષ્મી તરીકે ઓળખાતી બેંગ્લોર રાજધાની એક્સપ્રેસ ટ્રેને રેલવેને કરાવી અધધ કમાણી

## આ ટ્રેને એક વર્ષમાં ૧,૭૬,૦૬,૬૬,૩૩૯ રૂપિયાની કમાણી




નવી દિલ્હી, તા.૫

ભારતીય રેલવેએ પ્રવાસનો સૌથી સરળ, ઝડપી અને આરામદાયક વિકલ્પ છે. ઈન્ડિયન રેલવેનું નેટવર્ક દુનિયાના સૌથી વિશાળ અને વ્યસ્ત રેલવે નેટવર્કમાંથી એક છે. દરરોજ ઈન્ડિયન રેલવે દ્વારા હજારોની સંખ્યામાં ટ્રેનો દોડાવવામાં આવે છે અને એમાં કરોડો પ્રવાસીઓ પ્રવાસ કરે છે.

ભારતીય રેલવેની સૌથી વધુ કમાણી કરતી ટ્રેનોમાં તો રાજધાની, શતાબ્દી, વંદેભારત જેવી ટ્રેનો જ હોય પણ ભારતની સૌથી વધુ કમાણી કરનારી ટ્રેન આમાંથી એક પણ નથી. ચાલો જાણીએ ભારતીય રેલવેની ધનલક્ષ્મી તરીકે ઓળખાતી ટ્રેન વિશે. નવાઈ લાગશે કે ભારતીય રેલવેની આ ટ્રેને એક વર્ષમાં ૧,૭૬,૦૬,૬૬,૩૩૯ રૂપિયાની કમાણી કરી છે. શતાબ્દી એક્સપ્રેસ ચોક્કસ જ ભારતીય રેલવેની લોકપ્રિય ટ્રેન છે. આ સિવાય ભારતીય રેલવેના કાફલામાં દાખલ થયેલી વંદે ભારત પણ ટ્રેન હાલમાં સૌથી વધુ ચર્ચામાં છે. પરંતુ તેમ છતાં આ ટ્રેનોએ એક વર્ષમાં ભારતીય રેલવેને આટલી કમાણી નથી કરી આપી.

આ ટ્રેન છે બેંગ્લોર રાજધાની એક્સપ્રેસ. આ ટ્રેન ભારતની સૌથી વધુ કમાણી કરનારી ટ્રેન છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૫,૦૯,૫૧૦ પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હતો અને એનાથી આ ટ્રેનને ૧,૭૬,૦૬,૬૬,૩૩૯ રૂપિયાની આવક કરાવી હતી.

સિયાલદેહ રાજધાની એક્સપ્રેસ ભારતીય રેલવેની સૌથી વધુ કમાણી કરનારી બીજી ટ્રેન બની ગઈ હતી. આ ટ્રેનમમાં આ જ સમયગાળા દરમિયાન ૫,૦૯,૧૬૪ પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હતો અને એનાથી રેલવેને ૧,૨૮,૮૧,૬૯,૨૭૪ રૂપિયાની કમાણી કરી હતી. નવી દિલ્હી-દિબ્રુગડ વચ્ચે દોડનારી રાજધાની ત્રીજા નંબરે છે. આ ટ્રેનમાં ગયા વર્ષે ૪,૭૪,૬૦૫ પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હતો અને ૧,૨૬,૨૯,૦૯,૬૯૭ રૂપિયાની આવક ભારતીય રેલવેને કરાવી આપી હતી.

ભારતીય રેલવેની ટોપ ફાઈવ કમાણી કરાવતી ટ્રેનોમાં ચોથા નંબરે આવે છે મુંબઈ રાજધાની એક્સપ્રેસ. ૪,૮૫,૭૯૪ પ્રવાસીઓએ આ ટ્રેનમાં પ્રવાસ કર્યો હતો અને એને કારણે રેલવે ૧,૨૨,૮૪,૫૧,૫૫૪ રૂપિયાની કમાણી થઈ હતી.

# ચોરી-આગ લગાડવાના ગુન્હામાં નાસતા ફરતું દંપતી ઝડપાયું

### શહેર ક્રાઈમ બ્રાંચે ગોંડલ ચકડી પરથી સની અને તેમની પત્ની જયા ચુડાસમાને ઝડપી લીધા

રાજકોટ મિરર, તા.૫

શહેરમાં અગાઉ બનેલી ચોરીની અને આગ લગાડવાની ઘટનામાં સંડોવાયેલ દંપતીને ગોંડલ ચોકડી વિસ્તારમાંથી ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગુન્હો નોંધાયા પછી બંને ભાગતા ફરતા હતા.

રાજકોટ શહેર પોલીસ કમિશ્વર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ડી. પાર્થરાજસિંહ ગોહિલ, મદદનીશ પોલીસ કમિશ્નર (કાઇમ) ભરતસિંહ બસીયા દ્વારા અનડીટેકટ વાહન ચોરી ઘરફોડ ચોરીના/લુંટના ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ આવા ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે સુચના આપી હતી. જે સુચના અન્વયે કાઈમ બ્રાન્ચ પાઈ એમ આર ગોંડલીયા એમ. એલ.ડામોર, સી.એચ.જાદવ સહિતનો સ્ટાફ ગુન્હેગારો અને ખાસ કરીને નાસતા ફરતા આરોપીને શોધવા કાર્યરત હતા.

ત્યારે એએસઆઇ, રણજીતસિંહ પારીયા, પોલીસ કોન્સ્ટેબલ તળશીભાઈ ચુડાસમાંને મળેલ બાતમીના આધારે ગોંડલ રોડ ચોકડી નજીકથી સની ચંદુભાઇ ચુડાસમા (ઉ.વ.૨૦) તેમજ જયાબેન ચંદુભાઈ ચુડાસમા (રહે.ઝુંપડામાં ઇવનગર જુનાગઢ) ઝડપી લીધા હતા.

રાજકોટ શહેર, ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, પોલીસ ઇન્સ્પેકટર એમ.એલ. ડામોર, સી.એચ.જાદવ, પીએસઆઈ. એમ. કે. મોવલીયા, એ.એસ.આઇ. રણજીતસિંહ પઢારીયા, અશોક કલાલ, પો.હેડ કોન્સ સંજયભાઇ દાફડા, વિજયરાજસિંહ જાડેજા, સુભાષભાઈ ધોધારી, પોલીસ કોન્સ. કૌશીકભાઈ ગઢવી, તુલશીભાઈ ચુડાસમા, રમેશભાઈ માલકીયા, સંજયભાઈ ખાખરીયા, પ્રવીણભાઇ જતાપરા વિગેરે આ દંપતીને પકડવામાં રોકાયા હતા.

# દારૂના બે દરોડામાં ૩૧૬ બોટલ સાથે બે ઝડપાયા



એરપોર્ટ- થોરાળા પોલીસે કબજે કર્યો રૂ.૫૯૭૬૦૦નો મુદ્દામાલ

રાજકોટ મિરર, તા.૫

પી.સી.બી પોલીસના હેડ કોન્સ. હરદેવસિંહ જગતસિંહ રાણા તેમજ એ.એસ.આઇ મહિપાલસિંહ દશરથસિંહ ઝાલા હેડ કોન્સ. ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ ચૌહાણ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન બામણબોર ચેકપોસ્ટ અમદાવાદ થી રાજકોટ તરફ આવતા બાતમી મળી હતી કે અમદાવાદ હાઈવે તરફથી એક કાર જેના રજી. નંબર જીજે ૦૧ એચયુ ૪૨૧૫ની કારમાં એક શખ્શ વિદેશી દારૂનો જથ્થો ભરીને રાજકોટ તરફ આવી રહ્યો છે. પોલીસે બાતમી મળતા સાથે જ અમદાવાદ થી રાજકોટ આવતા રોડ પર વોચ રાખી હતી.તે દરમિયાન આ કાર જોતા પોલીસે કાર રોકી શખ્સને પૂછપરછ કરતા પોતે કેતન પરષોત્તમભાઈ વોરા (રહે. સંસ્કાર એવન્યુ એપાર્ટમેન્ટ, એવીં ગ ફ્લેટ નંબર ૪૦૧, ચોથા માળે રામધણની બાજુમાં, મવડી હોવાનું જણાવ્યું હતું. પોલીસે કાર તપાસતા દારૂની ૩૧૩ બોટલ હાથ લાગતા દારૂ-કાર સહીત રૂ.૫,૯૭,૩૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા દરોડામાં થોરાળા પોલીસ સ્ટેશનના હરદીપસિંહ અજીતસિંહ તેમજ મયુરસિંહ દિલીપસિંહ સાહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન ભાવનગર રોડ ચુનારવાડ પાસે એક શખ્શ જાહેરમાં શંકાસ્પદ હરકત કરતો લાગતા પોલીસે તેને પકડી પુછપરછ દરમિયાન પોતે પોતાનું નામ સુનિલકુમાર યોગેશભાઈ કાગદડા (રહે. ઘરવાલા મોટો વાસ અનમોલ વિલા રોડ, શીલાજ ગામ, અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેનો શર્ટ તપાસતા તેમાં વિદેશ દારૂના ચપલા મળી આવ્યા હતા. પોલીસે દારૂના ત્રણ ચપલા સાથે રૂ. ૩૦૦નો મુદ્દામાલ કબજે કરી શખ્સને પકડી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# આશાપુરાનગરમાં જુગાર દરોડો : પાંચ ઝડપાયા

### ભક્તિ નગર પોલીસે રૂ. ૧૪,૨૦૦નો મુદ્દામાલ કર્યો કબજે



રાજકોટ મિરર, તા.૫

ભક્તિનગર પોલીસે શહેરના આશાપુરા નગર શેરી નંબર ૭માં જુગાર રમતા પાંચ શખ્સોને રૂ.૧૪૨૦૦ના મુદ્દામાલ સાથે પકડીપાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના કોઠારીયા મેઈન રોડ, આશાપુરા નગર શેરી નંબર ૭માં રહેતા લીલાબેન ઠુંમર પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવી જુગાર રમવાના સાધનો પુરા પાડી અખાડો ચલાવે છે.

આવી બાતમી મળતા પોલીસે દોરડો પાડતા પાંચ શખ્સો પકડાઈ ગયા હતા.

જેમાં લીલાબેન લખમણભાઇ ઠુંમર (રહે. કોઠારીયા મેઈન રોડ,આશાપુરા નગર શેરી નંબર ૭ ગણેશ ડેરી વાળી શેરી), કૈલાશબેન સુરેશભાઈ રોજાસરા (રહે. ગંજીવાડા સંતોષી ચોક બંધ શેરી), પુજાબેન નવલભાઇ ધામેલીયા (રહે. બાબરીયા ક્વાર્ટર બ્લોક નંબર ૧૧રૂમ નંબર ૫૮૨ પીપળીયા હોલ મેઈન રોડ), જીગ્નેશ ભરતભાઈ માંડલિયા (રહે. લક્ષ્મીવાડી શેરી નંબર ૯ ૧૦ નો ખૂણો,વાઘેશ્વરી કૃપા ભક્તિનગર સર્કલ પાસે),(રાજેશ હિંમતલાલ આડેસરા રહે.(સખીયા નગર શેરી નંબર ૪ ૬ કોર્નર એરપોર્ટ પાસે ગીત ગુર્જરી મેઈન રોડ)નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# કેવડિયામાં દીપડાએ કાળિયારને ફાડી ખાધું : ડરથી ૭ ના મોત

ગાંધીનગર, તા.૫

સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયાના જંગલમાં દીપડાએ કાળિયાર હરણનો શિકાર કરતા કાળિયારનું મોત થયું. ઘટના બાદ અન્ય સાત કાળિયારના મૃતદેહ મળી આવ્યા હતા. મળતી માહિતી મુજબ, એક સાથીના મોત પછી આઘાતના કારણે અન્ય સાત કાળિયારના મોત નીપજ્યા હતા. ઘટના ત્રણ ચાર દિવસ પહેલાની હોવાનું વનતંત્રે જણાવ્યું હતું.

ગુજરાતના શૂલપાણેશ્વર વન્યજીવ અભયારણ્યમાં એક કાળિયારના શિકાર બાદ અન્ય સાત કાળિયારના મોતને લઈને વન વિભાગ દ્વારા તપાસ ચાલી રહી છે. તમને જણાવી દઈએ કે, કાળિયાર બહુ જ સંવેદશીલ પ્રાણી છે. જયારે બિશ્નોઈ સમાજ માટે આ પ્રાણી પુજનીય છે. મીડિયા અહેવાલ મુજબ, અભયારણ્યની બોર્ડર ક્રોસ કરીને આવેલા દીપડાએ કેવડિયા જંગલ વિસ્તારમાં કાળિયારનો શિકાર કર્યો હતો. આ વિસ્તાર સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આવેલો છે.

# વાંકાનેર ચોકડી પાસેથી દારૂ ભરેલી કાર સાથે વિમલ સેજપાલ ઝડપાયો

### ડ્ઈઈએ દારૂની ૧૦૫ બોટલ-કાર મળી રૂ. ૨,૦૭,૬૧૪/- નો મુદામાલ કર્યો કબજે






રાજકોટ મિરર, તા.૫

પીસીબી પોલીસે બાતમીના આધાર કુવાડવા નજીકની વાંકાનેર ચોકડી નજીકથી દારૂની ૧૦૫ બોટલ ભરેલી કાર સાથે ચાલકને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પી.સી.બી ના પોલીસ અધિકારી-કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા ત્યારે એ.એસ.આઇ. મહીપાલસિંહ દશરથસિંહ, પો.હેડ. કોન્સ ધનશ્યામસિંહ પ્રતાપસિંહ હરદેવસિંહ જગતસિંહને મળેલ સયુંકત બાતમીના આધારે કુવાડવા ગામ વાંકાનેર ચોકડી પાસે અમદાવાદથી રાજકોટ તરફ આવતા રોડ ઉપરથી જી.જે.૦૫. સી.એન.૯૦૧૨ કાર રોકી તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૦૫ બોટલ મળી આવી હતી.

આ તકે પૂછપરછ દરમિયાન કાર ચાલકે તેમનું નામ વીરલ હિમતલાલ સેજપાલ ઉ.વ.૪૨ રહે.સોની બજાર સવજીભાઈની શેરી, ખંઢેરીયાનો ડેલો, રાજકોટ)નું જણાવ્યું હતું. પોલીસે ૧.૫૦ લાખની કાર મળી રૂ.૨,૦૭,૬૧૪/- નો મુદામાલ કબજે કર્યો હતો. હવે તે ક્યાંથી દારુ લઈને આવ્યો ? કોણે આપ્યો ? આવા ધંધા સાથે કેટલા સમયથી સંકળાયેલો છે ? વિગેરે માહિતી ઓકાવવા પોલીસે તેમની આકરી પૂછપરછ શરુ કરી છે.

વિમલને પકડવામાં પી.સી.બી ઇ/ચા પીઆઈ એમ આર. ગોંડલીયા, પીઆઈ એમ.જે.હુણ, પી.બી ત્રાજીયા એ.એસ. આઇ. મયુરભાઈ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ પો.હેડ.કોન્સ કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, પો.કોન્સ યુવરાજસિંહ રાણા, વિજયભાઈ મેતા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી રોકાયા હતા.


# અમરેલીની દીકરીએ કહ્યું રાજકારણમાં રસ નથી, ન્યાય અપાવો

## પોલીસ કામગીરીનો ભોગ બનનાર દીકરીએ લખ્યો ધારાસભ્યને પત્ર : પોલીસની અંગ્રેજશાહી બાબતે આક્ષેપો કરી આબરૂની ધૂળ-ધાણી કરનાર સામે પગલા ભરવા પાયલે ધારાસભ્ય વેકરિયાને લખ્યો સનસનાટીભર્યો પત્ર

રાજકોટ મિરર, તા.૫


અમરેલીની દીકરીએ ન્યાયની માંગ સાથે ધારાસભ્ય કૌશિક વેકરિયાને પત્ર લખી, પોલીસની જોરજુલ્મી પર પ્રકાશ ફેંક્યો છે. દીકરી પાયલ ગોતીએ પોતાના ગામ વિઠ્ઠલપૂરમાં પત્રકારોને પોતાના પત્ર અને પોલીસની અંગ્રેજશાહીની સીલસીલાબધ વિગતો આપી હતી. પોતે હજુ અપરણિત છે, સમાજને કેમ મોઢું બતાવીશ ? મારી આબરૂ શું ? વિગેરે પ્રશ્નો કરતો પત્ર લખી ધારાસભ્ય વેકરીયા પાસે ખોળો પાથરી ન્યાય માંગી, કસુરવારો સામે પગલાં ભરવાની માંગ કરી છે. અત્રે એ કહેવું છે કે, પત્રમાં કરાયેલા તમામ આક્ષેપો બાબતે જો ઊંડી તપાસ થાય તો કસુરવારોને શિક્ષાત્મક કાર્યવાહીનો ભોગ બનવું પડે તેવી સ્થિતિ ઉભી થઇ છે.

પત્રમાં લખાયેલી વિગતો પર નજર કરીએ તો પાયલ ગોટીએ કહ્યું હતું કે, ગયા શુક્રવારે હું નોકરીથી છૂટીને આવી સુઈ ગયા પછી આગળનો દરવાજો ખખડાવ્યો. મારા પિતા ઉઠીને બહાર આવ્યા, બે લેડીઝ અને ત્રણ જેન્ટ્સ પોલીસ હતી અને મને ઉઠાડવાનું કહ્યું. સવારે મૂકી જઈશું તેમ કરી પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. કોઈને હું ઓળખતી નથી, જેનીબેન મને એક



દીકરી તરીકે મદદ કરવા આવ્યા હતા. મારા પિતાનું શું થાય? હું જેલમાં હતી. મારા મમ્મી પપ્પાને સાચવવા આવ્યા હતા અને મેં ગુન્હો કર્યો જ નથી. જેનીબેન મારા મમ્મી પપ્પાને આશ્વાસન આપવા અને સાચવવા આવ્યા હતા અને હવે મારા ભવિષ્ય માટે ન્યાય મળે તે માટે મુખ્યમંત્રી અને ધારાસભ્ય કૌશિક વેકરીયાને વિનંતી ન્યાય અપાવે. મારી જે ઈજ્જત અને મારી આબરૂનો જે વરઘોડો કાઢ્યો છે, મને પોલીસે માર માર્યો છે. મને રાજકારણમાં કોઈ રસ નથી.

પાયલે વધુમાં લખ્યું છે કે, ગુજરાતના ગામડે ગરીબ પરિવારમાં ઉછેરીને સ્વરોજગાર માટે સ્વાભિમાનભેર સંઘર્ષ કરનારી તમારી બહેન અને ગુજરાતની એક દીકરીની રાજ્યના ખુદરક્ષકો દ્વારા જ કાયદાનું ઉલ્લંઘન કરીને અડધી રાતે ધરપકડ કરવામાં આવે. રાજકીય કાવતરાનો ભોગ બનાવવામાં આવે. સાથીદારોને દંડા મારી, મને ભયભીત કરવામાં આવી. ડરાવી ધમકાવીને નિવેદનો લેવામાં આવે. મને બેસાડીને બેરહેમીથી પટ્ટા મારવામાં આવે. જેલના સળિયા પાછળ ધકેલી અને વિના વાંકે એક કુંવારી કન્યાનો જાહેરમાં વરઘોડો



કાઢીને નારી શક્તિના સ્વાભિમાનનું વસ્ત્રાહરણ કરનારી કમનસીબ ઘટનાથી મને તથા સમગ્ર ગુજરાતની ગરિમાની ભારે મોટી ઠેસ પહોંચી છે.અત્રે એ પણ નોંધનીય છે કે, તાજેતરમાં અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાના નામે બનાવટી લેટર બનાવી સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો હતો, જેમાં કૌશિક વેકરીયાની બદનામ કરવા કેટલાક ભ્રષ્ટાચારના આક્ષેપો કરવા મુદ્દે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેમાં ૪ આરોપીમાં એક પાયલ ગોટીનો પણ સમાવેશ થયો હતો અને જેલમાંથી બહાર આવ્યા બાદ આજે ૫ જાન્યુઆરીએ પોતાના વતન એવા વિઠ્ઠલપુર ગામે મીડિયા સમક્ષ પોલીસ તંત્ર સામે આક્ષેપોની જડી વરસાવી હતી.

દિલ્હી વિધાનસભા ચૂંટણી મુદ્દે વિવાદાસ્પદ નિવેદનોનો દૌર શરુ ?

# ભાજપના ઉમેદવારે પ્રિયંકા ગાંધી અંગે કર્યું વિવાદાસ્પદ નિવેદન

## કોંગ્રેસે ભાજપને ગણાવ્યો મહિલા વિરોધી પક્ષ : દિલ્હીની કાલકાજી વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર રમેશ બિધુરીએ બોલી નાખ્યું......નાં ગાલ જેવા રોડ બનાવીશું

નવી દિલ્હી, તા.૫

દિલ્હી વિધાનસભા ચૂંટણીને મુદ્દે રાજકીય પક્ષો સક્રિય થયા છે. રાજકીય પક્ષોએ હવે એકબીજા પર આક્ષેપ બાજી શરૂ કરી છે. ત્યારે ભાજપના ઉમેદવારે કરેલા નિવેદને વિવાદ સર્જ્યો છે. જેમાં દિલ્હીની કાલકાજી વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર રમેશ બિધુરીએ કોંગ્રેસના મહાસચિવ અને સાંસદ પ્રિયંકા ગાંધી બાબતે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમજ બિધુરીના આ નિવેદન પર કોંગ્રેસે વળતો પ્રહાર કર્યો છે. કોંગ્રેસે રમેશ બિધુરીના નિવેદનને મહિલા વિરોધી ગણાવ્યું હતું.





કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે 'ડ' પર વિડિયો શેર કરતા કહ્યું કે, ભાજપ મહિલા વિરોધી છે. ભાજપના પૂર્વ સાંસદ અને કાલકાજી બેઠક પરના ઉમેદવાર રમેશ બિધુરીએ પ્રિયંકા ગાંધીને લઈને આપેલું નિવેદન માત્ર શરમજનક જ નથી પરંતુ મહિલાઓ પ્રત્યેની તેમની બિમાર માનસિકતા પણ દર્શાવે છે. જે વ્યક્તિએ ગૃહમાં પોતાના સાથી સાંસદ સાથે દુર્વ્યવહાર કર્યો છે તેની પાસેથી બીજી શું અપેક્ષા રાખી શકાય? જો કે મોડેથી મળતા અહેવાલો મુજબ રમેશ બીધુરીએ તાનમાં ને તાનમાં બોલી તો નાખ્યું પણ પાછળથી આવા નિવેદનથી કોઇને દુઃખ થયું હોય તો માફી માગું છું. તેવું નિવેદન પણ સોશિયલ મીડિયામાં ફરતું કર્યું છે.

**ખરાબ વિચારસરણી માટે માફી ભાજપ માફી માંગે**

સુપ્રિયા શ્રીનેતે વધુમાં કહ્યું કે, શું ભાજપની મહિલા નેતાઓ, મહિલા વિકાસ મંત્રી, નડ્ડા જી કે ખુદ પ્રધાન મંત્રી મોદી આ ખરાબ ભાષા અને વિચારસરણી પર કંઈ કહેશે? વાસ્તવમાં, મોદીજી પોતે આ ખરાબ ભાષા અને મહિલાઓ વિરુદ્ધના વિચારના પિતા છે. જ્યારે તેઓ ચૂંટણી સભાઓમાં મંગળસૂત્ર અને મુજરા જેવા શબ્દો બોલે છે, ત્યારે તેમના લોકો માત્ર રમેશ બિધુરી જ નહીં પરંતુ તેમની ટોચની નેતાગીરીએ આ ખરાબ વિચારસરણી માટે માફી માંગવી જોઈએ.

**કાલકાજીના તમામ રસ્તાઓ પ્રિયંકા ગાંધીના ગાલ જેવા બનાવીશ : રમેશ બિધુરી**

પ્રિયંકા ગાંધી બાબતે કરેલા વિવાદાસ્પદ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

આ વીડિયોમાં દિલ્હીની કાલકાજી વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર રમેશ બિધુરી કહેતા સાંભળવા મળે છે કે લાલુએ બિહારના રસ્તાઓને હેમા માલિનીના ગાલ જેવા બનાવવાનું વચન આપ્યું હતું, પરંતુ તેઓ તેમ કરી શકયા નહીં. હું તમને ખાતરી આપું છું, જેમ ઓખલા અને સંગમ વિહારના રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. એ જ રીતે હું કાલકાજીના તમામ રસ્તાઓને પ્રિયંકા ગાંધીના ગાલ જેવા બનાવીશ.

# DH કોલેજ ગ્રાઉન્ડમાં ૧૨મીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

## RMC-પ્રવાસન નિગમ દ્વારા ડીએચ કોલેજ ગ્રાઉન્ડમાં આયોજન, ૬૦ જેટલા દેશ-વિદેશના પતંગબાજો જોડાશે



રાજકોટ મિરર, તા.૫

રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિ. નાં સંયુક્ત ઉપક્રમે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૨ જાન્યુઆરી ૨૦૨૫નાં રોજ ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ ગ્રાઉન્ડમાં 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫' યોજાશે. જેમાં વિવિધ દેશોના તથા ભારતના વિવિધ રાજ્યોના પતંગવીરો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેશે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલાના હસ્તે કરાશે. જ્યારે કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મેયર નયના પેઢડીયા ઉપસ્થિત રહેશે સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરનાં જણાવ્યા મુજબ, ગુજરાતનાં તત્કાલિન મુખ્યમંત્રી તેમજ હાલનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કરે તે માટે પ્રતિવર્ષ વિવિધ શહેરોમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજવાની શરૂઆત કરી હતી. જે અંતર્ગત આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. ૧૨ જાન્યુઆરીને રવિવારે સવારના ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ)ના ગ્રાઉન્ડ ખાતે આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે. ૬૦ જેટલા પતંગબાજો જોડાશે તેવું તંત્ર જણાવે છે.

# પર્યાવરણના સંરક્ષણ માટે ગ્રીન એનર્જીનો કરો ઉપયોગ : મુખ્યમંત્રી







## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ચેમ્બર ઓફ કોમર્સ વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમમાં થયા સહભાગી : ચેમ્બરની નવનિર્મિત ડિરેકટરીનું વિમોચન કર્યું :બેસ્ટ અચિવર્સને એવોર્ડ એનાયત કરાયા

રાજકોટ મિરર, તા.૫

શનિવારે રાજકોટમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ચેમ્બર ઓફ કોમર્સના સ્નેહ મિલનમાં ઉપસ્થિત રહીને, ચેમ્બરની ડીરેક્ટરીનું વિમોચન કરી પ્રસંગોચિત સંબોધનમાં જણાવ્યું હતું કે ઉદ્યોગના વિકાસની સાથે પર્યાવરણના સંરક્ષણ માટે ગ્રીન એનર્જીનો મહત્તમ ઉપયોગ કરવા હાકલ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન થકી ભારતમાં સર્વક્ષેત્રે થયેલ વિકાસ વિશે મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનની દુરંદેશીથી આજે સમગ્ર રાષ્ટ્રમાં વ્યાપાર, ખેતી, શિક્ષણ સહિત દરેક ક્ષેત્રમાં વિકાસ થયો છે. આગામી સમયમાં પર્યાવરણ સંરક્ષણ સાથે ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે સરકાર દ્વારા ગ્રીન એનર્જી ઉત્પાદનની વ્યવસ્થાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

અંતિમ વાઈબ્રન્ટ સમિટમાં સૌથી વધુ એમ.ઓ.યુ. ગ્રીન એનર્જી પર થયા છે ત્યારે આગામી સમયમાં ઉદ્યોગો પણ ગ્રીન એનર્જીનો ઉપયોગ કરીને પર્યાવરણને બાધામુક્ત રહી વિકાસમાં યોગદાન આપે તથા ૨૦૪૭માં વિકસિત ભારતના નિર્માણ માટે વિકસિત ગુજરાત બનાવવા સહભાગી બને તેવી અભ્યર્થના આ તકે તેમણે વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, રાજકોટ એ સમગ્ર સૌરાષ્ટ્રનું હૃદય છે. રાજકોટમાં અનેક એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગો કાર્યરત છે.

રાજકોટના ઉદ્યોગોએ આંતરરાષ્ટ્રીય સ્તરે આપણી પ્રોડક્ટને પહોંચાડી છે. ત્યારે રાજકોટનું ચેમ્બર ઓફ કોમર્સ એસોસિયેશન સમગ્ર સૌરાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપી રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થશે. કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે રાજકોટ જિલ્લાના ઉદ્યોગ, સેવા, રમતગમત,શિક્ષણ વગેરે ક્ષેત્રમાં આગવું પ્રદાન આપનારા બેસ્ટ અચિવર્સને એવોર્ડ આપી બિરદાવવામાં આવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રીનું વિશાળ ફુલહાર તથા મોમેન્ટો દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આર્ષ વિદ્યામંદિર-મુંજકાના સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજીએ પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ વી. પી. વૈષ્ણવ દ્વારા સ્વાગત પ્રવચન કરી રાજકોટના ઉદ્યોગોના વિકાસની આછેરી ઝલક આપી હતી.

આ સમારોહમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ રામભાઈ મોકરીયા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, મેયર નયનાબેન પેઢડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, કલેકટર પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે, ચેમ્બર ઓફ કોમર્સ એસોસિયેશનના ઉપપ્રમુખ પાર્થ ગણાત્રા, ટ્રેઝરર વિનોદ કાછડીયા, માનદમંત્રી નૌતમભાઈ બારસીયા તથા વિવિધ ઈન્ડસ્ટ્રીઝના અગ્રણીઓ, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.